સુવિચાર
''રાજનેતા રાજ માટે જનેતાની ભૂમિકાએ પહોંચશે ત્યારે રામરાજ્યની સ્થાપના થશે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૧૨/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

17 YEARS ANNIVERSARY

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર વદ-૧૩ વર્ષ : ૧૬ અંક : ૩૦૯

## પાલિકાનાં શાસકોએ કામગીરી શરૂ કરતાં દોડધામ મચી

# બગસરામાં શાકમાર્કેટ માર્ગ ઉપરથી દબાણ હટાવાયું

**શહેરમાં વ્યાપક પ્રમાણમાં દબાણ છતાં એક માર્ગ પરનું જ દબાણ હટાવાયાનો આક્ષેપ**

**દબાણકર્તાઓ અને પાલિકાનાં શાસકો વચ્ચે સામાન્ય રકઝક બાદ દબાણ દૂર**

**અગાઉ પાલિકા દ્વારા દબાણકર્તા પાસેથી ૨૦ રૂપિયાનું ભાડુ ઉઘરાવ્યા બાદ ભાડુ લેવાનું બંધ થયું હતું**

**શહેરમાં જ્યાં પણ જે કોઈ પ્રકારનું દબાણ હોય તે દૂર કરવાની માંગ ઉભી થઈ**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૬

બગસરાના અનેક વિસ્તારોમાં લારી, ગલ્લા અને રેંકડી ધારકો દ્વારા દિન પ્રતિદિન દબાણ વધારવામાં આવી રહ્યું હતું. તેવા સમયે દબાણ હટાવવાની કામગીરી બાબતે રિપોર્ટ માંગવામાં આવ્યા બાદ આજે દબાણ હટાવી એક મુખ્ય માર્ગને ખુલ્લો કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

બગસરા શહેરના મુખ્ય રસ્તાઓ તેમજ મુખ્ય બજારોમાં વેપારીઓ તેમજ નાના દુકાનદારો અને લારીગલ્લા ધારકોએ રસ્તાઓને સાંકડા કરી દીધા હતા. થોડાક સમય પહેલા ચીફ ઓફિસર દ્વારા લારી ગલ્લાવાળા પાસેથી ૨૦/૨૦ રૂપિયા ઉઘરાવીને ભાડા પેટે દૈનિક ફી લેતા હોય. છેલ્લા ત્રણ માસથી ઉઘરાવાનું બંધ કરેલ હતું. આજે અચાનક ચીફ ઓફિસર દ્વારા અમુક જ વિસ્તારમાં દબાણ દૂર કરવા માટે પોલીસ કાફલા સાથે દબાણ દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. લોકોએ ચીફ ઓફિસરને તેમ કહ્યું હતુ કે અમો તમને દૈનિકના ૨૦ રૂપિયા આપીએ તો તમને અમારૂં દબાણ નડતું નથી તમે ૨૦ રૂપિયા લેવાના બંધ કર્યા એટલે તમને દબાણ નડે છે તેવા સવાલો કર્યા હતા.

બગસરામાં દબાણ હટાવવાની કામગીરીજેને પગલે આજે નગરપાલિકાએ શહેરના મુખ્ય અવરજવરના માર્ગ શાકમાર્કેટ રોડ પર આવેલ લારી ગલ્લા ધારકના દબાણો હટાવી દીધા હતા. આ સમયે થોડીવાર માટે ઘર્ષણ થયું હતુ પરંતુ આખરે તંત્રએ લાલ આંખ કરતાં દબાણ ધારકોએ પોતાનું દબાણ સ્વૈચ્છિક હટાવી લેવા તૈયારી બતાવી દીધી હતી. જેને લીધે દબાણમાં આવી ગયેલો એક મુખ્ય માર્ગ ખુલ્લો થઈ ગયો હતો. હજુ મુખ્ય રસ્તાઓ જેવા કે બસ સ્ટેન્ડ પાછળનો માર્ગ, હોસ્પિટલ રોડ, વિજય ચોકથી નદીપરાનો મેઈન રોડ, સ્ટેશન રોડ સહિતના મુખ્ય રસ્તા પર દબાણ કરી રહ્યું છે. તંત્ર હવે આ વિસ્તારમાં પણ તાત્કાલિક દબાણ હટાવવા માટે કામગીરી શરૂ કરે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો.વિરલ વસાણી — ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન — મગજ,મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત — તા.૧૮/૧૨/૨૦૨૫ - ગુરૂવારે, સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
ડો. કૈવંત પટેલ — ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ — ફેફસાના રોગો અને એડવાન્સ બ્રોન્કોસ્કોપીના નિષ્ણાંત. PFT રીપોર્ટ સુવિધા ઉપલબ્ધ છે. — તા.૧૮/૧૨/૨૦૨૫ - ગુરૂવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો. જય વિઠલાણી — કાર્ડિયોલજીસ્ટ — હૃદયરોગ નિષ્ણાંત — તા.૧૮/૧૨/૨૦૨૫ - ગુરૂવારે, સવારે ૧૧:૩૦ થી ૦૧:૦૦
ડો.સાગર બરાસરા — એન્ડોકાઈનોલોજીસ્ટ — ડાયાબિટીસ,થાયરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત — તા.૨૦/૧૨/૨૦૨૫ - શનિવારે, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો.અંગદ શેઠ — બેરીયાટ્રીક — કાર્ડિયોલોજી, વજન ઉતારવાના નિષ્ણાંત — તા.૨૦/૧૨/૨૦૨૫ - શનિવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો.મૈત્રેય જોષી — યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ — કિડની, પથરી અને વ્યંઢત્વના રોગોના નિષ્ણાંત — તા.૨૦/૧૨/૨૦૨૫ - શનિવારે, સાંજે ૦૫:૦૦ થી ૦૯:૦૦
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

અમરેલી એક્સપ્રેસ દૈનિકને...
૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
: શુભેચ્છક :
શ્રી બાલજીભાઈ સેલાણી
શ્રી ચિંતનભાઈ સેલાણી
અમરેલી

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ — સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,19,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૬/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૬૦૨

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

17 YEARS ANNIVERSARY
અમરેલી એક્સપ્રેસ
૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ ''અમરેલી એક્સપ્રેસ'' વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
શુભચિંતક
શ્રી જીતુભાઈ સોમૈયા (ગોળવાળા)
પુર્વ પ્રમુખશ્રી : અમરેલી લોહાણા સમાજ
એમ.પી.બ્રધર્સ
જુના માર્કેટયાર્ડ – અમરેલી

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
(ગોળ હોસ્પિટલ)
સફાઈ કર્મચારી જોઈએ છે....
પુરુષ અને મહિલાઓ માટે કમાવાની તક અને આકર્ષક પગાર સાથે આજે જ મળો......
વધુ માહિતી માટે સંપર્ક કરો
૯૯૭૮૯૬૬૬૨૯
ગોળ હોસ્પિટલ, ચિત્તલ રોડ, અમરેલી

"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ■ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1 Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2 Experience : 1-2 Years
• Night Billing Executive - 2 Experience : 1-2 Years
• Reporting Manager - 2 Experience : 1-2 Years
• Junior Accountant - 1 Experience : 1-2 Years
• Trainer – 1 Experience : 1-2 Years
Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

### માનસિક બીમારીથી ઘરેથી નીકળી ગયા બાદ

# બાબરા ખાતે આવેલ તળાવમાંથી ૭૦ વર્ષિય વૃધ્ધનો મૃતદેહ મળી આવ્યો

### મૃતકનું નામ જગાભાઈ ગમારા હોવાનું બહાર આવ્યું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૬

બાબરામાં મેલડીમાં તળાવમાં એક વૃદ્ધની એક લાશ તરતી હોવાંનો જાગૃત યુવાન દ્વારા સ્થાનિક પોલીસ કર્મી કિરણભાઈ સોલંકીને જાણ કરાતાતાત્કાલિક અસરથી રાજભા વાઘેલા સહિતના પોલીસકર્મીઓ મેલડીમાં મંદિર તળાવ પર પહોંચ્યા હતા અને સ્થાનિક તરવૈયાની મદદથી લાશને બહાર કાઢવાની અને લાશની ઓળખવીઘી હાથ ધરી હતી.

તપાસમાં જાણવા મળ્યું કે આ વૃદ્ધ ભરવાડની છે તેઓ મૂળ વતન બાબરા તાલુકાના ચમારડી ગામના અને વર્ષો વિંછિયા તાલુકાના કાશકોળિયા ગામમાં રહે છે.

પરિવારના સગા જુગાભાઈ મુધવા દ્વારા જણાવ્યું હતું કે જગાભાઈ મામૈયાભાઈ ગમારા (ઉ.વ. ૭૦) રવિવારે સવારે ઘરેથી કહ્યા વગર નીકળી ગયા હતા અને તેઓને માનસિક બીમારી હોવાથી અનેકવાર આમ જતા રહે છે અને પરત આવી જાય છે. સાંજ સુધી ઘરે પરત નહિ આવતા અમો બે ચાર ભાઈઓ તેમને શોધવા છેક બાબરા, ચમારડી તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ જૂનાગઢ સુધી તપાસ કરી એસ.ટી. બસમાં પણ તપાસ કરતા હતા. દરેક ધાર્મિક સ્થળો પર પણ તપાસ કરી હતી. આજે સવારે મેલડીમાં મંદિરમાં પણ તપાસ કરી હતી પણ કોઈ ભાળ મળી નહોતી અને આજે બપોર બાદ પોલીસનો ફોન આવતા અમે સરકારી દવાખાને આવ્યા હતા અને લાશ અમારા દાદાની હોવાનું જાણવા મળ્યું હતું. સમાચાર મળતા મોટી સંખ્યામાં ભરવાડ સમાજના લોકો અને અગ્રણીઓ સરકારી દવાખાને દોડી આવ્યા હતા.

હાલ બાબરા પોલીસના ટાઉન જમાદાર શિવાભાઈ મકવાણા દ્વારા જણાવ્યું હતું કે વૃદ્ધ ભરવાડ જગાભાઈ ગમારાનું અહીં મેલડીમાં તળાવમાં ડુબવાથી મૃત્યુ થયું હોવાનું જણાવ્યું હતું તપાસ હાથ ધરી છે.

### માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ આળશ ખંખેરે

# જાફરાબાદથી રાજુલા માર્ગ ઉપર બાબરકોટનાં પાટીયા નજીકનાં માર્ગ ઉપર મસમોટા ગાબડા

### વિકાસની ગુલબાંગો બંધ કરીને ખરા અર્થમાં વિકાસ કરવો જરૂરી





જાફરાબાદ, તા. ૧૬

જાફરાબાદથી રાજુલા જતા બાબરકોટ પાટીયા પાસે અતિશય ભયજનક બિસ્માર હાલતમાં રોડ ઉપર મસમોટા ખાડાઓના લીધે રાત મધરાતે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેવી ભિતી સેવાઈ રહી છે. પરંતુ માર્ગ મકાન વિભાગના ધ્યાન ઉપર કયારે આવશે.? અહીં ફક્ત મટીરીયલ નાખી ફોટા સેશન કરીને વાહવાહી મેળવી ગયા પરંતુ રોડની હાલત અતિશય ખરાબ હોવાથી ન કરે નારાયણ કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેવી ભિતી વાહનચાલકોમાં થી ઉપજી રહી છે. આ રોડ ઉપર પડેલા ખાડાઓના કારણે થોડા દિવસો પહેલા ગેસના બાટલા ભરેલ બોલેરો પલટી ખાઈ ગઈ પરંતુ ડ્રાઈવર દ્વારા કાબૂમાં લઈ લેતા મોટી દુર્ઘટના ટળી હતી. અહીંથી મહાકાય વાહનોની અવરજવર રહેતી હોય તેમજ અહીં મચ્છીના કારખાના આવેલ હોવાથી પગપાળા મજુરોની અવરજવર તેમજ મચ્છી ભરી રિક્ષાઓ તેમજ ટુ વ્હીલર મોટી સંખ્યામાં અવરજવર હોય. રોડની અધવચ્ચે ચાર ચાર ફુટ જેટલા પડેલા ખાડાઓ રાહદારીઓ મુસાફરો વાહનચાલકોના આ પડેલા ખાડાઓ અમૂલ્ય જીંદગીઓ છીનવાઈ તે પહેલાં કુંભકર્ણ નિંદ્રામાં સુતેલું તંત્ર ધ્યાન ઉપર લેશે.? આ રોડ ઉપર માર્ગ મકાન વિભાગ દ્વારા મટીરીયલ નાખી એક ભાગ ઊંચો નીચો કરી દેતા વાહન મહાકાય વાહનો આવતા ટુ વ્હીલર ચાલકો ખાડામાં પોતાની ટુ વ્હીલર હાંકવા મજબૂર બન્યા છે. અહીંથી રાજુલા જતા વાહન ચાલકો આ પડેલા ખાડાઓના કારણે ત્રાહિમામ પોકારી ઊઠયા છે. આ રોડ ઉપર પડેલા ખાડાઓમાં પાણી ભરાયેલા હોવાથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો જવાબદારી કોની.? મસમોટા ખાડાઓ વાહન ચાલકોમાં અકસ્માત નોતરે તેવી સ્થિતિ મસમોટા ખાડાઓના લીધે કોઈ જોખમી અકસ્માત સર્જાઇ તેવી ભિતી સેવાઈ રહી છે. પરંતુ માર્ગ મકાન વિભાગના ધ્યાન ઉપર કયારે આવશે.? રાજુલા તરફ જતા રોડ ઉપર પડેલા ખાડાઓના કારણે રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઊઠયા છે. મસમોટા ખાડાઓ પરંતુ માર્ગ મકાન વિભાગના કાને બહેરાશ વ્યાપી છે. પી. ડબલ્યુ. ડી. દ્વારા અગાઉ પહેલાં ફક્ત કપચી નાખી ફક્ત ને ફોટા સેશન કરીને વાહવાહી મેળવી રહ્યા છે. રોડ અતિ ભયજનક બિસ્માર માર્ગોના કારણે થતા અકસ્માતોથી અમૂલ્ય જીંદગીઓ છીનવાઈ રહી હોય પરંતુ માર્ગ મકાન વિભાગ કયારે ધ્યાન ઉપર લઈ યુધ્ધના ધોરણે કામગીરી કરવામાં આવશે.? અનેક પ્રશ્નો વાહન ચાલકો માંથી ઉપજી રહ્યા છે.

### ગ્રામજનોમાં ફફડાટનો માહોલ

# વડિયાના હનુમાન ખીજડીયા ગામે સિંહો બાદ દીપડાનું થયું આગમન

### દીપડાએ કર્યો શ્વાનનો શિકાર



અમરેલી, તા. ૧૬

વડિયાના હનુમાન ખીજડીયા ગામે થોડા દિવસો પહેલા સિંહોનું આગમન થયા બાદ ગત રાત્રિએ દીપડાએ શ્વાનનું મારણ કરતા ગ્રામજનોમાં ફફડાટનો માહોલ છવાયો છે.

અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાનાં ગામો બાદ ગીર વિસ્તારથી દુર આવેલ વિસ્તારમાં પણ સિંહ અને દીપડાનું આગમન થઈ રહ્યું છે.


જિલ્લાના મુખ્ય મથક અમરેલીના પાદરમાં આવેલ ઠેબી જળાશય આસપાસ અવાર–નવાર દીપડાનાં દર્શન થઈ રહ્યાં છે. તો સાવરકુંડલા ચોકડી આસપાસનાં માત્ર ૧ કિ.મી. વિસ્તારમાં સિંહો પણ દેખા દેતો હોય હવે એ દિવસો દુર નથી કે દીપડા કે સિંહ જેવા પ્રાણીઓ શહેરી વિસ્તારમાં દેખા દે.

### પાલિકા કચેરીમાં સરદાર પટેલની પંચધાતુની પ્રતિમા સ્થાપિત કરવા તેમજ

# અમરેલીનાં સાવરકુંડલા ચોકડી સર્કલનું નામકરણ ભોજલરામ સર્કલ કરવા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માંગ

### રાજ્ય ઉર્જામંત્રી અને પાલિકા પ્રમુખને લેખિત રજુઆત કરવામાં આવી





અમરેલી, તા. ૧૬

લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા સાવરકુંડલા રોડ બાયપાસ ચોકડી સર્કલનું નામકરણ ભોજલરામ સર્કલ કરવા તથા અમરેલી નગરપાલિકા બિલ્ડિંગમાં સરદાર વલ્લભભાઈ પટેલની પૂર્ણ કદની પંચધાતુની પ્રતિમા સ્થાપિત કરવા માટે માટે અમરેલીના ધારાસભ્ય તથા રાજયના રાજયકક્ષાના ઊર્જા, પેટ્રોકેમિકલ્સ અને સંસદીય બાબતોના મંત્રી કૌશિકભાઈ વેકરીયા તથા નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણીને રજૂઆત કરવામાં આવી.

અમરેલી સાવરકુંડલા રોડ બાયપાસ ચોકડીથી ભોજલધામ ફતેપુરતે જોડતો રસ્તો આવેલો છે અને ભોજલધામ ફતેપુર એ સુપ્રસિદ્ધ અને પવિત્ર યાત્રાધામ છે જયાં મહાન સંત જલારામ બાપાના ગુરૂ ભોજલરામ બાપાનું સુપ્રસિદ્ધ મંદિર આવેલું છે જયાં અગામી દિવસોમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનો હોય અને દેશ વિદેશથી પાટીદાર સમાજ સહિત સર્વ સમાજના લોકો ખૂબ જ આસ્થાને શ્રદ્ધાથી પધારવાના હોય તથા ખૂબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ કાયમી ભોજલરામ બાપાના મંદિરે આસ્થાથી દર્શનાર્થે આવે છે અને ભોજલરામ બાપાએ તેમની આ જગ્યા ઉપર તેમના અસંખ્ય પરચાઓ પણ આપેલા છે આવા ભકત કવિ ભોજલરામ બાપાના નામ ઉપરથી સાવરકુંડલા રોડ બાયપાસ ચોકડીનું નામ 'ભોજલરામ સર્કલ' કરવામાં આવે તથા તે સર્કલની અંદર પથ્થરની નાની મઢૂલી બને તથા તેમાં ભોજલરામ બાપાની મૂર્તિ પધરામાં આવે તેવી સર્વ સમાજ વતી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલીના પ્રમુખ ડી.કે. રૈયાણી, કોર કમિટીના સભ્યો, રાજેશ માંગરોળીયા, દકુભાઈ ભુવા, ઉપ પ્રમુખ કાળુભાઈ કાછડીયા, સહ મંત્રી સંજય (ચંદુભાઈ) રામાણી, રાજુભાઈ ઝાલાવાડિયા, ગોપાલભાઈ કચ્છી અને સભ્યઓ ભરતભાઈ કાબરીયા, ચંદુભાઈ રામાણી, અનિભાઈ કાનાણી, મેહુલભાઈ બાબરીયા તથા સમાજના આગેવાનો દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

### અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડનું લાખો રૂપિયાનું ટર્ન ઓવર

# સાવરકુંડલા પંથકમાં સાયબર ફ્રોડ દ્વારા લાખો રૂપિયા બેન્ક ખાતામાં જમા થયા

### પોલીસે અગલ–અલગ બે ગુન્હા નોંધી તપાસ આદરી

અમરેલી,તા. ૧૬

અમરેલી જિલ્લામાં રોજ બરોજ સાયબર ફ્રોડના લાખો રૂપિયા બેન્ક ખાતામાં ઠાલવતાં હોય ત્યારે પોલીસે આવા બેન્ક ખાતાની વિગતો મેળવી આરોપીઓ સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે સાવરકુંડલા પંથકમાં વધુ બે પોલીસ ફરિયાદ નોંધાય છે.

સાવરકુંડલાના મણીનગર વિસ્તારમાં રહેતાં ઈરફાન હુસેનભાઈ પઠાણ તથા મુબીનભાઈ જીભાઈ ભટ્ટી નામના આરોપીઓએ મળી મ્યુલ ખાતા નં.૪૧૬૫૨૦૦૯૩૭૦ માં તા.૧૧/૭/૨૪ તથા તા.૨૨/૭/૨૪ દરમ્યાન NEFT, RTGS, મારફતે સાયબર ફ્રોડના કુલ રૂા.૧૨,૩૦,૦૦૦ જમા થતા હોવાનું જાણવા છતા પોતાના આર્થિક ફાયદા સારૂ આરોપી ઈરફાને આરોપી મુબીનભાઈના કહેવાથી ચેક મારફતે સાવરકુંડલા એસ.બી.આઈ. બેંક દરબાગઢ મુકામેથી ઉપાડી સગે–વગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના રામગઢ ગામે જગદીશભાઈ બોરડની વાડીએ રહેતાં વિજયભાઈ મનસુખભાઈ જોળીયા તથા સાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર આવેલ પાણીના ટાંકા સામે રહેતાં વિવેકભાઈ ઉર્ફે કાનો મગનભાઈ સોલંકીએ સાથે મળી વિજયભાઈ પ્રેમજીભાઈ ભાલીયાનું બેન્ક એકાઉન્ટનો ઉપયોગ કરી જેમા આરોપી વિજયભાઈએ દેશભરના જુદા–જુદા રાજયના બેન્ક એકાઉન્ટ ધારકના ખાતામાંથી સાયબર ફ્રોડના ચોરી ઠગાઈ કરી મેળવેલ હોવાનુ જાણવા છતા પોતાના એકાઉન્ટમાં કુલ રૂપિયા ૬,૧૭,૦૯૬ જમા કરાવી તેમજ એકાઉન્ટ ધારકના રૂપિપા સહીત કુલ રૂપિયા ૭,૧૭,૭૫૬ પોતાના એકાઉન્ટમાં પોતાના આર્થિક ફાયદા સારૂ જમા કરાવી અલગ અલગ ખાતાઓમાં અવાર નવાર ઓનલાઈન ટ્રાન્સફર કરી કરાવી ખાતાઓ ઓપરેટ કરી સગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### તસ્કરો વીજ વાયર પણ છોડતા નથી

# લીલીયાનાં બોડીયા ગામેથી વીજ વાયરની ચોરી થઈ

### પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૬

લીલીયા તાલુકાના બોડીયા ગામે નિલેશભાઈ ગોવિંદભાઈ જાડાની વાડી ખેતરમાંથી ગત તા.૨૫/૬/૨૫ થી તા.૧૨/૧૧/૨૫ના સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યો ઈસમ કોઈપણ સમયે ૧૧ કે.વી.ની ત્રણ વાયરો વાળી વીજ લાઈનના વીજ વાયરો આશરે કુલ–૧૦૦૦ મીટર તથા ટ્રાન્સફોર્મરની વાઈન્ડીંની કોઈલો કુલ આશરે કિમત રૂપિયા ૮૯,૨૩૯ની મત્તાની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ લીલીયા પોલીસમાં પીજીવીસીએલના નાયબ ઈજનેર ચેતનકુમાર કાંતીલાલ દેવમુરારીએ નોંધાવી છે.

# સાવરકુંડલાના સાયકલવીર એટલે બાબુભાઈ મેઘજીભાઈ ગોહિલ



સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેરના એક છેડેથી બીજા છેડાનું અંતર નિયમિતપણે સાયકલ દ્વારા કાપતા બાબુભાઈ ગોહિલ એક અનોખા સાયકલવીર ગણાય છે.

સાયકલવીર છેલ્લા પચ્ચીસ વર્ષથી સ્વામિનારાયણ ગુરૂકુળની જેસર રોડ પર આવેલ શાળામાં વિદ્યાર્થીઓ, વાલીવર્ગ, કર્મચારીઓ તથા મેનેજમેન્ટ સાથે એકમેક થઈને પોતાનું વિદ્યાદાન સેવા પૂરી નિષ્ઠા અને પ્રામાણિકતાથી ફરજ બજાવતા જોવા મળે છે. કડકડતી ઠંડી હોય કે બારે મેચ ખાંગા દરેક પરિસ્થિતિમાં બાબુભાઈ માટે પરિવહનનું એક જ માધ્યમ છે અને એ તેની લાડકી અને માનીતી સાયકલ. પોતાની ફરજપર જવા માટે લગભગ ચારેક કિલોમીટરનું અંતર નિયમિત સાયકલ દ્વારા કાપીને જતા જોવા મળે છે. બાબુભાઈનો એક જ સંદેશ છે આ બદલતી પર્યાવરણીય પેટર્નને ખાળવા પર્યાવરણને શુધ્ધ કરવા તથા પોતાના શારીરિક આરોગ્યને સ્વાસ્થ્યપ્રદ રાખવા માટે શહેરની સફરમાં તો સાયકલ સવારીનો પ્રયોગ કરો. આમ તો ખૂબ નાનપણથી જ તેનો સાયકલ પ્રત્યેનો અગાધ પ્રેમ છે એટલે હવે મિત્રો અને શુભચિંતકો બાઈક વસાવવાની સલાહ આપે છે પરંતુ પોતે પોતાના સાયકલ સવારીનો પ્રેમ છોડી શકે તેમ નથી તેવી વાત તેમણે સાવરકુંડલા શહેરના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી સાથેની એક મુલાકાતમાં પણ સ્પષ્ટપણે જણાવી હતી.

### સોસાયટી ફોર બ્રાઈટ ફયુચર ગુજરાત દ્વારા

# અમરેલી ખાતે બ્લેન્કેટ વિતરણનું આયોજન કરવામાં આવ્યું

### "પ્રોજેકટ રાહત" અંતર્ગત સેવાકાર્ય



અમરેલી, તા. ૧૬

અમરેલી શહેર ખાતે સોસાયટી ફોર બ્રાઈટ ફયુચર (SBF) કે જે ડિઝાસ્ટર મેનેજમેન્ટ (આપદા પ્રબંધક)માં રાહત કાર્ય કરે છે, અત્યારે સમગ્ર દેશમાં ભારે ઠંડી પડી રહી છે, દર વર્ષે SBF દ્વારા સમગ્ર ભારતમાં બ્લેન્કેટ વિતરણનું આયોજન કરવામાં આવે છે જેની કડી રૂપે અમરેલી શહેરમાં પણ બ્લેન્કેટ વિતરણનું આયોજન કરવામાં આવ્યું જેમાં જરૂરતમંદને બ્લેન્કેટ આપવામાં આવ્યા અને અભિયાન સેવા ટ્રસ્ટની ટિમ સાથે સંકલન કરીને આ કાર્ય કરવામાં આવ્યું હતું અમરેલી ખાતે અભિયાન સેવા ટ્રસ્ટ દ્વારા સેવાના કાર્ય હર હંમેશ શરૂ હોઈ જેમાં એમ્બ્યુલન્સ સેવા, મેડિકલ આ કાર્યક્રમમાં અમરેલી શહેરના તમામ સમાજના આગેવાનો તેમજ વેપારી મિત્રો અને કર્મશીલ લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા, આ કાર્યક્રમને સફળ બનાવવા SBFના તમામ હોદ્દેદારો અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવ રફીકભાઈ ચૌહાણ, અલ્તાફભાઈ શેખ જૂનાગઢ, આરીફભાઈ ચાવીવાલા જૂનાગઢ, જાવેદખાન પઠાણ, એડવોકેટ અજીમ લાખાણી, અકબર શેખ, મોહસીન ધાનાણી, ઈમરાન પરમાર, સચિન ચૌહાણ, રફીક ચૌહાણ સાવરકુંડલા, અમન પઢિયાર, અમર ખુલાગી કાર્યક્રમને સફળ બનવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## ગ્રામ પંચાયતમાં સ્વભંડોળની તિજોરી ખાલીખમ હોવાથી

# અંતે માલધારીઓએ સ્વખર્ચે ગૌચરનું દબાણ દૂર કરાવ્યુ

**સાવરકુંડલાનાં અમૃતવેલ ગામે રાજાશાહી વખતથી નીમ કરેલ ગૌચર જમીનમાં વ્યાપક દબાણ થયેલ**

**અંદાજિત ૬૦૦થી ૭૦૦ વિઘા ગૌચર જમીનમાં દબાણ થતાં એક હજાર જેટલા પશુઓ માટે ઘાસચારની મુશ્કેલી હતી**

**માલધારીઓએ ગૌચર પરનું દબાણ દૂર કરવા માટે ૨ વર્ષનો સંઘર્ષ અને ખર્ચ કર્યા બાદ દબાણ દૂર થયુ**

**પશુપાલકોએ વ્હાલસોયા પશુઓ વેચીને ગૌચરનું દબાણ દૂર કરવા નાણા જમા કરાવવા પડયા**



અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં ગૌચર પર દબાણનો ગંભીર પ્રશ્ન ગામડે ગામડે છે ને ગામડાઓમાં ગૌચર ખુલ્લુ કરાવીને પશુઓના ચરિયાણ માટેની જગ્યાઓ ખુલ્લી કરવા પશુપાલકોને મેદાનમાં આવવું પડયું ને જમીન માપણીના પૈસાઓ માલધારી પશુપાલકોએ સ્વ.ખર્ચે ભરીને ગૌચર ખુલ્લુ કરવાની કામગીરીઓ આજે શરૂ થઈ હતી ને તંત્રના અધિકારીઓ આજે ગૌચરની જમીન પર પથ્થરના ખુટા મારીને સુરક્ષિત કરવાનું કાર્ય કર્યુ.

સાવરકુંડલાનાં અમૃતવેલ અને મેંકડા ગામના સીમાડાઓ પર પશુપાલકો માટે રાજાશાહી વખતનું ગૌચર ૬૦૦ થી ૭૦૦ વિઘામાં હતું પણ સમયાંતરે આ ગૌચર પર દબાણ થઈ જતા પશુપાલકોના પશુઓના ચરિયાણ માટેની જગ્યાઓ નાબૂદ થઈ જતા માલધારીઓ નોધારા બન્યા હતા ને અમૃતવેલમાં આશરે ૧ હજાર આસપાસના પશુઓને ચરવા માટે ગૌચર બચ્યું ન હતું. ત્યારે છેલ્લા ૨ વર્ષથી તંત્ર સામે લડતા માલધારીઓની આશાઓ ઉજ્જવળ બનીને ગૌચર દબાણ હટાવવાની માલધારીની માંગણીઓ સંતોષાઈ ને અમૃતવેલ અને મેકડા ગામના સીમાડાનું ૬૦૦ વિઘાનું ગૌચર ખુલ્લુ કરવાની કામગીરીઓ શરૂ થઈ ને અમૃતવેલ ગામના માલધારી સમાજના ગૌચર માટેની જમીન માપણી માટે અમૃતવેલ ગ્રામ પંચાયત પાસે સ્વભંડોળ ન હોવાથી માલધારી પશુપાલકોએ સ્વભંડોળની રકમ સ્વ.ખર્ચે ભરવી પડી હતી.

અમૃતવેલ અને મેંકડા બન્ને ગામની સીમ હોવાથી ગૌચર દબાણ વધુ હતું ને ખેડૂતોએ શેઢાઓ દબાવી દીધેલા હોય ને ત્યાં વાવેતર કર્યુ હોય. ત્યારે જમીન માપણી વિભાગ ટ્રેકટરમાં પથ્થરના ખુંટાઓ લઈને મજૂરો સાથે પહોંચ્યું હતું ને ખેડૂતોએ કરેલા દબાણમાં પથ્થરોના ખુટા મારીને ગૌચરને સુરક્ષિત કર્યું હતું. જયારે માલધારીઓએ ગ્રામ પંચાયત પાસે સ્વ ભંડોળની રકમ ન હોવાથી પશુપાલકોએ પોતાના વ્હાલસોયા માલઢોર વેચીને પણ જમીન માપણી વિભાગના પૈસા ભરીને આજથી ગૌચર ખુલ્લું ને સુરક્ષિત કરવાનું કામ આરંભ થયું હતું. જે અંગે અમૃતવેલ ગ્રામ પંચાયતના નોટિસ બોર્ડ પર જાહેર નોટિસ મારીને ગૌચરની જમીન સ્વૈચ્છાએ હટાવવાની અપીલ સરપંચ દ્વારા કરવામાં આવી હતી.

અમૃતવેલ ગ્રામ પંચાયતનું સ્વ.ભંડોળ ન હોવાથી માલધારીઓના પૈસા ગ્રામ પંચાયતમાં ભરીને જમીન માપણી વિભાગમાં ભરીને ગૌચર જમીનમાં ખૂટા નાખીને ગૌચર સુરક્ષિત કરવાનું કામ શરૂ થયું છે. ૧ હજાર પશુઓના પશુપાલક માલધારીઓનું ૬૦૦ વિઘા ગૌચર ખુલ્લુ થતા માલધારીઓમાં ખુશહાલી જોવા મળી રહી છે. ત્યારે ૨ વર્ષથી અનેક રજુઆતો બાદ માલધારીઓનું ગૌચર ખુલ્લુ કરાવીને સુરક્ષિત થયું પણ ગ્રામ પંચાયત પાસે સ્વ.ભંડોળ ન હોવાથી માલધારીઓના સ્વ.ખર્ચે ગૌચર ખુલ્લું થયું હોય તેવાસ્તવિકતા છે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી શરદચંદ્ર શાંતિલાલ દવે (ઉં. વ. ૮૨) તે અમરેલી પાલિકાનાં પૂર્વ ચીફ ઓફિસર રોહિતભાઈ દવેના ભાઈ, જયેશભાઈ તથા અંશુમનભાઈનાં કાકા તથા નીખીલભાઈના પિતાજી તા. ૧૨ ને શુક્રવારના રોજ કૈલાશવાસી થયેલ છે. તેમનું બેસણું તા. ૧૮ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ સુધી સોની જ્ઞાતિની વાડી, મ્યુનિ. ગર્લ્સ સ્કૂલ પાસે અમરેલી ખાતે રાખેલ છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo. 94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૯, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦






શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
રેન્ટલ સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | સેલ્સ & સર્વિસ
પ્રોજેકટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫" ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઇક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક
કોર્ડલેસ માઇક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ)
માઇક સીસ્ટમ ઇન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
કમલેશ ટાંક (પ્રિસિશન ટેલીકોમ - પ્રોજેકટ) 90 812 34 307
શૈલેષ ગોંઢા (સીસીટીવી કન્સલ્ટન્ટ) 90 812 34 308
૧૩૭, ફર્સ્ટ ફ્લોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
Helpline : 95 86 86 86 49









શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS, MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com




### દિલ્હી-NCRમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે ઠંડી પડી રહી છે

# ધુમ્મસ અને વરસાદથી દિલ્હી-NCRમાં મુશ્કેલી, IMDએ જાહેર કર્યું યલો એલર્ટ

### ભારતીય હવામાન વિભાગ (IMD) એ મંગળવાર અને બુધવારે ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જાહેર કરી

નવી દિલ્હી,તા.૧૬

દિલ્હી-NCRમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે ઠંડી પડી રહી છે. રાષ્ટ્રીય રાજધાનીમાં આ મોસમનો સૌથી ભારે વરસાદ હતો. તેની અસર એટલી હદે જોવા મળી હતી કે માત્ર જાનહાનિ જ નહીં પરંતુ મોટી સંખ્યામાં ફ્લાઈટ્સ પણ વિક્ષેપિત થઈ હતી અને પ્રભાવિત થઈ હતી. ભારતીય હવામાન વિભાગ (IMD) એ મંગળવાર અને બુધવારે ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે.મળતી માહિતી મુજબ સોમવારે રાત્રે ૧૧.૩૦ વાગ્યાથી ધુમ્મસના સ્તરમાં વધારો થવા લાગ્યો હતો. આ કારણે સફદરજંગ એરપોર્ટ પર સોમવારે બપોરે ૧૨.૩૦ થી બપોરે ૨ વાગ્યા સુધી વિઝિબિલિટી શૂન્ય રહી હતી. મંગળવારે IGI એરપોર્ટ પર દૃશ્યતા ૫૦ મીટર નોંધવામાં આવી હતી. સવારે આઠ વાગ્યા પછી જ પરિસ્થિતિ ધીમે ધીમે સુધરવા લાગી.IMD અનુસાર, દિલ્હી-NCRમાં આ સિઝનનો સૌથી ભારે વરસાદ નોંધાયો છે. સોમવાર અને મંગળવાર દરમિયાન પડેલા વરસાદે હવામાનમાં ભેજ વધાર્યો છે, જેના કારણે ધુમ્મસ વધુ ઘાટું બન્યું છે. વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી અને ઓફિસ જતા લોકો તથા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.મળતી માહિતી મુજબ, સોમવારે રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યાથી દિલ્હી-NCRમાં ધુમ્મસનું પ્રમાણ ઝડપથી વધવા લાગ્યું હતું. સફદરજંગ એરપોર્ટ પર બપોરે ૧૨:૩૦ થી ૨ વાગ્યા સુધી દૃશ્યતા લગભગ શૂન્ય રહી હતી. IGI એરપોર્ટ પર મંગળવારે વહેલી સવારે દૃશ્યતા માત્ર ૫૦ મીટર નોંધાઈ હતી.લગભગ ૧૦ કલાક સુધી, એટલે કે સોમવાર રાત્રે ૧૧:૩૦ થી મંગળવાર સવારે ૮ વાગ્યા સુધી, દૃશ્યતા ૨૦૦ મીટરથી નીચે રહી હતી. આ સમયગાળા દરમિયાન ફ્લાઈટ ઓપરેશન અને માર્ગ ટ્રાફિક પર ભારે અસર પડી હતી.ભારતીય હવામાન વિભાગે દિલ્હી-NCR માટે મંગળવાર અને બુધવારે યલો એલર્ટ જાહેર કર્યુંછે. IMD મુજબ, અમુક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. સાથે સાથે ધુમ્મસ પ્રદૂષણ સાથે મળીને સ્મોગનું સ્વરૂપ પણ લઈ શકે છે, જે આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે.IMDના અંદાજ મુજબ, દિવસ દરમિયાન દિલ્હી અને NCRમાં ૧૫ થી ૨૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આ પવન ધુમ્મસને થોડું ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે, પરંતુ રાત્રે અને વહેલી સવારે ફરીથી ઘાટું ધુમ્મસ જોવા મળી શકે છે.મહત્તમ તાપમાનઃ અંદાજે ૨૩°C લઘુત્તમ તાપમાનઃ અંદાજે ૧૦°C દિવસ દરમિયાન આકાશ મોટાભાગે ચોખ્ખું રહેવાની શક્યતા છે, જ્યારે સવારે હળવો ધુમ્મસ યથાવત રહી શકે છે.IMDનું યલો એલર્ટ, ભારે વરસાદની ચેતવણી ડિસેમ્બરનો મહિનો અડધો પૂરો થઈ ગયો છે, પરંતુ દિલ્હી સહિત NCRના શહેરોમાં હજુ કડકડતી ઠંડી શરૂ થઈ નથી. હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. નરેશ કુમારે જણાવ્યું હતું કે શિયાળામાં વધારો પશ્ચિમી વિક્ષેપ પર આધારિત છે.આ દિલ્હી અને ઉત્તર-પશ્ચિમ ભારતના ભાગોમાં શુષ્ક, ઠંડા ઉત્તર-પશ્ચિમી પવનો લાવે છે. આ સિઝનમાં અત્યાર સુધી કોઈ સક્રિય પશ્ચિમી વિક્ષેપ જોવા મળ્યો નથી. NCR અને આસપાસના વિસ્તારોમાં હજુ સુધી કોઈ શીત લહેર નોંધાઈ નથી. આગામી દિવસોમાં દિલ્હીમાં લઘુત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે.

### ૭૦ લાખની આતશબાજી અને CMની હાજરી

# ઇન્દોરમાં ભાજપના ધારાસભ્ય રાકેશ ઉર્ફે ગોલુ શુક્લાના પુત્રના લગ્ન ચર્ચાનું કેન્દ્ર બન્યા

### આ લગ્નમાં જોવા મળેલી ભવ્યતા અને શાન-ઓ-શૌકત એવી હતી કે લોકો જોતા જ રહી ગયા જોકે, ભવ્યતાની સાથે સાથે હવે આ લગ્ન એક મોટા વિવાદમાં પણ ફસાયા છે

મધ્યપ્રદેશ,તા.૧૬

મધ્યપ્રદેશના ઈન્દોરમાં ભાજપના ધારાસભ્ય રાકેશ ઉર્ફે ગોલુ શુક્લાના પુત્ર અંજનેશના લગ્ન હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. આ લગ્નમાં જોવા મળેલી ભવ્યતા અને શાન-ઓ-શૌકત એવી હતી કે લોકો જોતા જ રહી ગયા. જોકે, ભવ્યતાની સાથે સાથે હવે આ લગ્ન એક મોટા વિવાદમાં પણ ફસાયા છે.આ લગ્ન સમારોહમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ સહિત ભાજપના અનેક મોટા નેતાઓ હાજર રહ્યા હતા. રસપ્રદ વાત એ છે કે કોંગ્રેસના પણ ઘણા નેતાઓ નવદંપતીને આશીર્વાદ આપવા પહોંચ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ લગ્નમાં માત્ર આતશબાજી પાછળ જ ૭૦ લાખનો ધૂમ ખર્ચ કરવામાં આવ્યો હતો. આકાશને રોશનીથી ભરી દેનારી આ આતશબાજીના વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહ્યા છે.લગ્નની ભવ્યતા બાદ હવે અંજનેશ શુક્લાના લગ્નને લઈને એક નવો વિવાદ સામે આવ્યો છે. ૧૧ ડિસેમ્બરે લગ્ન કર્યા બાદ, અંજનેશ પોતાની પત્ની સિમરન સાથે ઈન્દોરના પ્રસિદ્ધ ખજરાના ગણેશ મંદિરમાં દર્શન કરવા પહોંચ્યો હતો. મંદિરમાં સામાન્ય લોકો માટે ગર્ભગૃહમાં પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં, ધારાસભ્યના પુત્રએ માત્ર ગર્ભગૃહમાં એન્ટ્રી જ ન કરી, પરંતુ ગણેશજીની પ્રતિમા સામે એકબીજાને વરમાળા પણ પહેરાવી.કોરોના કાળ બાદ વહીવટી તંત્ર અને મંદિર સમિતિએ ગર્ભગૃહમાં શ્રદ્ધાળુઓના પ્રવેશ પર રોક લગાવી છે. ત્યારે ધારાસભ્યના પુત્ર દ્વારા નિયમોના ભંગ બદલ સોશિયલ મીડિયા પર લોકો આકરા પ્રહારો કરી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે વહીવટી તંત્ર અને મંદિર સમિતિ આ મામલે શું એક્શન લે છે, કારણ કે આ ઘટનાએ 'નિયમો બધા માટે સમાન' હોવા પર સવાલ ઉભા કર્યા છે.

ચામુંડા માતા મંદિરઃ નાના પુત્ર રુદ્રાક્ષ શુક્લા પર દેવાસના મંદિરના પટ જબરદસ્તી ખોલાવવા અને પુજારીઓને ધમકાવવાનો આરોપ લાગ્યો હતો. આ તમામ વિવાદો બાદ અગાઉ ગોલુ શુક્લાએ જાહેરમાં માફી પણ માંગવી પડી હતી, ત્યારે ફરી એકવાર તેમના પુત્રની હરકતે તેમને ચર્ચામાં લાવી દીધા છે.

### ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટોને લીલી ઝંડી આપી

# ૧૦ વર્ષ બાદ નેપાળ સરકારે હટાવ્યો ૫૦૦ અને ૨૦૦ રૂપિયાની ભારતીય નોટો પરનો પ્રતિબંધ

### નેપાળ સરકારે ભારતીય ચલણ પરના નિયંત્રણો હળવા કર્યા છે, જેમાં ૧૦ વર્ષ જૂનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો છે

નવીદિલ્હી,તા.૧૬

જો તમે નેપાળની યાત્રાનું આયોજન કરી રહ્યા છો અથવા વારંવાર મુલાકાત લેતા હોવ, તો આ સમાચાર એક મોટી ભેટ છે. છેલ્લા એક દાયકાથી, ભારતીય પ્રવાસીઓ અને ત્યાં કામ માટે જનારા લોકો માટે આ સૌથી મોટો માથાનો દુખાવો હતો જે દૂર થઈ ગયો છે. નેપાળ સરકારે ભારતીય ચલણ પરના નિયંત્રણો હળવા કર્યા છે, જેમાં ૧૦ વર્ષ જૂનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો છે. હવે, તમારે નેપાળની તમારી યાત્રા દરમિયાન નોટો બદલવાની કે નાના પૈસા એકત્રિત કરવાની ઝંઝટનો સામનો નહીં કરવો પડે. કારણ કે નેપાળ સરકારે ભારતીય ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટોને લીલી ઝંડી આપી દીધી છે.સોમવારે નેપાળ કેબિનેટની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં આ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકારે નિર્ણય લીધો છે કે ભારતીય અને નેપાળી નાગરિકો હવે મુસાફરી દરમિયાન ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટો સાથે રાખી શકશે. આ નિર્ણય ત્યારે આવ્યો છે જ્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ તેના નિયમોમાં ફેરફાર કર્યો છે અને પડોશી દેશોમાં મુસાફરી માટે મોટી ચલણ લઈ જવાની મંજૂરી આપી છે.જોકે, પ્રવાસીઓએ ધ્યાનમાં રાખવું જોઈએ કે સરકારે આ મંજૂરી શરતો સાથે આપી છે. જે મુજબ તમે આ મોટા મૂલ્યની નોટોમાં વધુમાં વધુ ૨૫,૦૦૦ રૂપિયા જ લઈ જઈ શકો છો. આ પગલું માત્ર મુસાફરીને સરળ બનાવશે એવું નથી પરંતુ બંને દેશો વચ્ચેના વેપાર સંબંધોને પણ વેગ આપશો.

આ ચલણ પ્રતિબંધે નેપાળના અર્થતંત્રને, ખાસ કરીને તેના પર્યટન ક્ષેત્રને ખોરવી નાખ્યું હતુ. છેલ્લા કેટલાક વર્ષોમાં સરહદી બજારોમાં કેસિનો, મોટી હોટલો અને વેપારીઓને નોંધપાત્ર નુકસાન થયું છે. ભારતના પ્રવાસીઓ ઘણીવાર મોટી ચલણી નોટો સાથે લાવી શકતા ન હતા, જેના કારણે તેમની ખર્ચ કરવાની ક્ષમતા ઘટી ગઈ હતી.ઘણી વખત, ભારતીય પ્રવાસીઓને ચલણના નિયમો વિશે જાણકારીના અભાવે દંડ ભરવાની ફરજ પડતી હતી, જેના કારણે તેમની સફરની મજા બગડી ગઈ હતી. હવે આ છૂટછાટ પછી, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે નેપાળના હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીને મોટો વેગ મળશે અને ભારતીય પ્રવાસીઓ ત્યાં જઈ શકશે અને મુક્તપણે ખર્ચ કરી શકશે.

નેપાળ રાષ્ટ્ર બેંક (NRB) ના પ્રવક્તા ગુરુ પ્રસાદ પૌડેલે સ્પષ્ટતા કરી કે સરકારે આ નિર્ણય લીધો છે અને હવે ફક્ત ઔપચારિકતાઓ બાકી છે. આ નિર્ણય નેપાળ ગેઝેટમાં પ્રકાશિત થતાંની સાથે જ, કેન્દ્રીય બેંક તાત્કાલિક એક પરિપત્ર જારી કરશે. આ પરિપત્ર જારી થતાં, ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટો રાખવી એ સંપૂર્ણપણે કાયદેસર બની જશે.

### ૧૧ દિવસ પહેલા જ કર્યા હતા લવ મેરેજ

# સેલ્ફીના બહાને કબડ્ડી સ્ટારની ચાલુ મેચમાં ગોળી મારી હત્યા

### આ હુમલાની જવાબદારી ઘનશ્યામપુરિયા ગેંગે લીધી છે. નોંધનીય છે કે, કંવર દિગ્વિજય સિંહના ૧૧ દિવસ પહેલાં જ પ્રેમ લગ્ન થયા હતા

પંજાબ,તા.૧૬

પંજાબના મોહાલીમાં કબડ્ડી ટૂર્નામેન્ટ દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મેદાનમાં તાળીઓ અને ભારે અવાજની વચ્ચે અચાનક ગોળીઓનો અવાજ આવ્યો અને એક કબડ્ડી ખેલાડીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. રાણા બલાચૌરિયાના નામથી ઓળખાતા ૩૦ વર્ષીય કબડ્ડી ખેલાડી કંવર દિગ્વિજય સિંહની અજાણ્યા હુમલાવરોએ ગોળી મારીને હત્યા કરી દીધી છે.આ હુમલાની જવાબદારી ઘનશ્યામપુરિયા ગેંગે લીધી છે. નોંધનીય છે કે, કંવર દિગ્વિજય સિંહના ૧૧ દિવસ પહેલાં જ પ્રેમ લગ્ન થયા હતા. મળતી માહિતી મુજબ, આ ઘટના મોહાલીના સોહાના વિસ્તારમાં બની હતી, જ્યાં એક ખાનગી કબડ્ડી ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. સોમવારે (૧૫ ડિસેમ્બર) જ્યારે દર્શકોની ભીડ મેદાનમાં હાજર હતી અને મેચ પોતાની પીક પર હતી, ત્યારે ૨ થી ૩ અજાણ યુવકો મેદાનમાં પહોંચ્યા. હુમલાવરોએ ખુદને રાણાના ફેન હોવાનું કહી સેલ્ફી લેવાના બહાને તેમની પાસે પહોંચ્યા. ત્યારબાદ દિગ્વિજય સિંહ જેવું સેલ્ફી માટે આગળ આવ્યા ત્યારે આ શખસોએ અચાનક ફાયરિંગ શરૂ કરી દીધી.

પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે, પહેલાં એવું લાગ્યું કે, ફટાકડા ફૂટી રહ્યા છે. પરંતુ, જ્યારે લોકો જમીન પર પડવા લાગ્યા ત્યારે સમજ પડી કે, અહીં ગોળીબાર થયો છે. હુમલાવરોએ લોકોને ડરાવવા માટે હવામાં પણ ફાયરિંગ અને અને બાદમાં બાઈક પર ફરાર થઈ ગયા.ગંભીર રૂપે ઈજાગ્રસ્ત રાણા બલાચૌરિયાને તાત્કાલિક માહોલીની ફોર્ટિસ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. ડૉક્ટરોએ તેમને બચાવવાનો તમામ પ્રયાસ કર્યો પરંતુ, તેમ છતાં જીવ બચાવી શક્યા નહીં અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું.કંવર દિગ્વજિય સિંહ, જેને રાણા બલાચૌરિયા અથવા બલરાજ રાણાના નામમે ઓળખવામાં આવે છે. તેઓ ફક્ત કબડ્ડીના ખેલાડી જ નહતા પરંતુ, ટૂર્નામેન્ટના પ્રમોટર પણ હતા. તેઓ પ્રોફેશનલ કબડ્ડી ખેલાડી, ટૂર્નામેન્ટના આયોજક, સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને મોડેલ તેમજ એક્ટર હતા. ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેમના ૨૫ હજારથી વધુ ફોલોઅર્સ છે, તેઓ યુવા વર્ગમાં ખૂબ લોકપ્રિયા હતા અને કબડ્ડીના પ્રોફેશનલ સ્તરે આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યા હતા. હાલ, એવો પણ પ્રશ્ન થઈ રહ્યો છે કે, શું આ હત્યા કોઈ ગેંગવોરનું પરિણામ હતી? જેના વિશે માહિતી આપતાઁ હરમનદીપ સિંહ હંસે સ્પષ્ટપણે કહ્યું કે, આ મામલો તપાસ હેઠળ છે. હજુ સુધી કોઈ ગેંગ કે વ્યક્તિ સાથેની દુશ્મનાવટની સત્તાવાર પુષ્ટિ નથી થઈ. જોકે, પંજાબમાં પહેલા પણ કબડ્ડી ખેલાડીઓની હત્યા થઈ ચુકી છે, જેના કારણે આ એંગલને અવગણી ન શકાય.

નોંધનીય છે કે, આ પહેલાં ૨૦૨૨માં જલંધરના મલ્લિયાં કલાંમાં કબડ્ડી ખેલાડી સંદીપ નાંગલ અંબિયાનની હત્યા કરવામાં આવી હતી. ઓક્ટોબર ૨૦૨૪માં જગરાંવમાં ખેલાડી તેજા સિંહની ધોળા દિવસે ગોળી મારીને હત્યા કરાઈ હતી.

### લુથરા બંધુઓ ઘટનાના થોડા જ કલાકોમાં ફરાર થઈ ગયા હતા

# ગોવા અગ્નિકાંડઃ ૨૫ના મોત બાદ થાઈલેન્ડ ભાગેલા લુથરા બંધુની ૧૦ દિવસે ધરપકડ

### ગોવા પોલીસે એરપોર્ટ પર જ લુથરા બંધુઓની ધરપકડ કરી લીધી છે ૬ ડિસેમ્બરના રોજ નાઈટક્લબમાં ભીષણ આગ લાગી હતી

ગોવા,તા.૧૬

ઉત્તર ગોવામાં 'બિર્ચ બાય રોમિયો લેન' નાઈટ ક્લબમાં આગ લાગવાની ઘટના ગોવા પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસ ઘટનાના ૧૦ દિવસ બાદ ક્લબના ફરાર સહમાલિકો ગૌરવ અને સૌરભ લુથરાને થાઈલેન્ડની દિલ્હી લાવી છે. ગોવા પોલીસે એરપોર્ટ પર જ લુથરા બંધુઓની ધરપકડ કરી લીધી છે. ૬ ડિસેમ્બરના રોજ નાઈટક્લબમાં ભીષણ આગ લાગી હતી, જેમાં ૨૫ લોકોના મોત થયા હતા. ત્યારબાદ બંને લુથરા બંધુઓ દેશ છોડીને થાઈલેન્ડ જતા રહ્યા હતા.

નાઈટ ક્લબમાં આગ લાગવાની ઘટનાના થોડા જ કલાકોમાં લુથરા બંધુઓ થાઈલેન્ડ ભાગી ગયા હતા. ત્યારબાદ તેમના વિરુદ્ધ ઈન્ટરપોલ બ્લૂ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. બંને આરોપીઓને ભારત પરત મોકલવાની પ્રક્રિય પહેલા થાઈલેન્ડ સત્તાવાળાઓએ ૧૧ ડિસેમ્બરે બંનેને કસ્ટડીમાં લઈ લીધા હતા. ભારતીય અધિકારીઓએ બંને ભાગેડુને પકડવા માટે થાઈલેન્ડ સરકારના સતત સંપર્કમાં હતી. આ અગ્નિકાંડની ઘટનાની તપાસ કર્યા બાદ ક્લબમાં તમામ સુરક્ષા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાનું તેમજ ક્લબના મેનેજમેન્ટમાં પણ અનેક ખામી હોવાનો ખુલાસો થયો હતો.

ગોવા પોલીસે લુથરા બંધુઓની ધરપકડ કર્યા પહેલા અગ્નિકાંડ કેસમાં પાંચ મેનેજર્સ અને સ્ટાફ મેમ્બર્સની ધરપકડ કરી હતી. ગયા અઠવાડિયે દિલ્હી કોર્ટે લુથરા બંધુઓની ધરપકડ મામલે અંતિમ રાહત આપવાનો ઈન્કાર કરી દીધો હતો. કેસની તપાસ કરી રહેલા તપાસ અધિકારીઓએ કહ્યું કે, નાઈટક્લબના સ્ટ્રક્ચરમાં અનેક ખામીઓ હતો અને ત્યાં આગ પર કાબૂ મેળવવા માટે કોઈપણ વ્યવસ્થા ન હતી. અર્પોરા પાછળ બનાવેલા નાઈટક્લબમાં બહાર નીકળવાનો રસ્તો ખૂબ જ સાંકડો હતો અને આ ર્સતો એક સાંકડા પુલ સાથે જોડાયેલો હતો. આ તમામ ખામીઓને કારણે અનેક લોકો બિલ્ડિંગમાંથી નીકળી શક્યા ન હતા.અનેક ખામીઓ સામે આવ્યા બાદ અને લુથરા બંધૂઓ ફરાર થઈ ગયા બાદ નાઈટ ક્લબ પર બુલડોઝર ચલાવીને તોડી પાડવામાં આવી છે. મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે આદેશ આપ્યા બાદ જિલ્લા તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી નાઈટ ક્લબને તોડી પાડી હતી. નાઈટ ક્લબ સરકારી જમીન પર ગેરકાયદેસર બનાવાયેલી હતી, ત્યારબાદ જિલ્લા તંત્રએ ૯ ડિસેમ્બરે નાઈટ ક્લબ તોડી પાડી હતી.સાતમી ડિસેમ્બરે ગોવાના ડીજીપી આલોક કુમારે કહ્યું હતું કે, અગ્નિકાંડની ઘટનામાં ચીફ જનરલ મેનેજર રાજીવ મોદક, જનરલ મેનેજર વિવેક સિંહ, બાર મેનેજર રાજવીર સિંઘાનિયા અને ગેટ મેનેજર પ્રિયાંશુ ઠાકુરની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે ક્લબના માલિકો સૌરવ લુથરા અને ગૌરવ લુથરા વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ગોવાના બાઘા વિસ્તારમાં પ્રખ્યાત 'બિર્ચ બાય રોમિયો લેન' નાઈટ ક્લબમાં ૬ અને ૭ ડિસેમ્બરની મધ્યરાત્રિએ ભયાનક આગ લાગી હતી જેમાં ૨૫ લોકોના મોત થયા હતા.

### બ્રાઝિલમાં ભયાનક વાવાઝોડું

# વાવાઝોડાના કારણે ૨૪ મીટર ઊંચી અમેરિકન સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પ્રતિકૃતિ જમીનદોસ્ત થઈ

### પવનની ભયાનક થપાટથી ધીમે ધીમે પાર્કિંગ તરફ નીચે નમતી દેખાઈ અને અંતે જમીન પર તૂટીને પડી ગઈ હતી

બ્રાઝિલ,તા.૧૬

૧૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ બ્રાઝિલના દક્ષિણી રાજ્ય રિયો ગ્રાન્ડે દો સુલમાં એક શક્તિશાળી વાવાઝોડાએ વિનાશકારી રૂપ ધારણ કર્યુંહતું. આ ભયાનક તોફાનમાં ગુઆઈબા શહેરના હવાન વિભાગીય વસ્ત્રાલયની બહાર ઊભી ૨૪ મીટર ઊંચી અમેરિકન સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પ્રતિકૃતિ તૂટી પડી હતી. આ વિશાળ પ્રતિમા, જે સ્વતંત્રતા અને આઝાદીનું પ્રતીક છે, પવનની ભયાનક થપાટથી ધીમે ધીમે પાર્કિંગ તરફ નીચે નમતી દેખાઈ અને અંતે જમીન પર તૂટીને પડી ગઈ હતી. આ ઘટનાનો લાઈવ વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.જણાવી દઈએ કે, આ પ્રતિમા ૨૦૨૦માં ઈજનેરો દ્વારા ડિઝાઈન કરીને લગાવવામાં આવી હતી. તે ૧૧ મીટર ઊંચા કોંક્રીટના મજબૂત આધાર પર ઊભી કરવામાં આવી હતી, જે તોફાન પછી પણ અકબંધ રહ્યું હતું. હવાન કંપની, જે બ્રાઝિલની મોટી રિટેલ ચેઈન છે અને તેના માલિક લુઈઝ ફિલિપે ડો બ્રેટો છે, તેની દરેક શાખામાં આવી જ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આ પ્રતિમાઓ અમેરિકન સ્વતંત્રતાના પ્રતીક તરીકે માર્કેટિંગના હેતુથી બનાવવામાં આવી છે, જે કંપનીના અમેરિકન-પ્રેરિત વેચાણ મોડેલને પ્રતિબિંબિત કરે છે. ગુઆઈબાની આ પ્રતિમા ખાસ કરીને લોકપ્રિય હતી, જે શહેરના પ્રવાસીઓ અને શોપર્સ માટે આકર્ષણનું કેન્દ્ર હતી. બ્રાઝિલની નાગરિક સુરક્ષા એજન્સી ડેફેસા સિવિલ (Defesa Civil)એ તોફાન પહેલાં જ મેટ્રોપોલિટન વિસ્તાર માટે ગંભીર હવામાન ચેતવણી જાહેર કરી હતી. એક્સ્ટ્રાટ્રોપિકલ વાવઝોડાના કારણે પવનની ઝડપ ૯૦ કિમી/કલાકને વટાવી ગઈ હતી. આ તોફાને રિયો ગ્રાન્ડે દો સુલના વિશાળ વિસ્તારને અસર કર્યો હતો, જેમાં તિયો હુગોમાં વરસાદી સાથેના ભારે પવનથી પાસો ફુન્ડો, સાંતા ક્રુઝ દો સુલ અને વેરા ક્રુઝમાં છાપરાંનું નુકસાન થયું હતું. ભારે વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં વીજળી અને વૃક્ષો પડવાની ઘટનાઓ બની હતી.સદનસીબે, પ્રતિમા તૂટતા પહેલાં જ આસપાસના વિસ્તારોમાંથી વાહનો અને લોકોને હટાવી દેવામાં આવ્યા હતા. ડેફેસા સિવિલની તાત્કાલિક કાર્યવાહીને કારણે કોઈ જાનહાનિ કે મિલકતને મોટું નુકસાન થયું નથી. ગુઆઈબાના મેયર માર્સેલો મારાનાટાએ ઓનલાઈન પોસ્ટમાં ઘટનાની પુષ્ટિ કરી અને કહ્યું કે, "પવનની ઝડપ ૮૦થી ૯૦ કિમી/કલાક હતી, જે આવી અણધારી ઘટના તરફ દોરી ગઈ હતી." તેમણે લોકોને સુરક્ષા માટે આભાર માન્યો અને પુનઃનિર્માણની વાત કરી હતી.સોશિયલ મીડિયા પર આ વીડિયોને લાખો વ્યુઝ મળ્યા છે. ટ્વિટર (X) અને ઈન્સ્ટાગ્રામ પર લોકો તેને "સ્વતંત્રતાનું પતન" કહીને રાજકીય કટાક્ષ કરી રહ્યા છે, ખાસ કરીને હવાનના માલિકના રાજકારણીય વલણને લગતી બાબતો ખાસ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહી છે. કેટલાક તેને હાસ્ય તરીકે જુએ છે, જ્યારે અન્ય વાતાવરણીય પરિવર્તનના સંકેત તરીકે ગણે છે.

# પાકિસ્તાન ૧૯૪૭થી ત્રાસવાદનો ભારતવિરોધી વિદેશનીતિ તરીકે ઉપયોગ કરી રહ્યું છેઃ રિપોર્ટ

નવી દિલ્હી, તા.૧૬

નેટસ્રેટ નામની એક થિંક ટેંક દ્વારા ૧૯૪૭ થી ૨૦૨૫ વચ્ચે સરહદ પારથી પ્રાયોજિત ત્રાસવાદી હુમલા અંગે એક રિપોર્ટમાં બહાર પાડવામાં આવ્યો હતો. 'ભારત વિરોધી પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદી હુમલાઓનો ઈતિહાસ સૌ સમક્ષ કહેવા લાયક અને વારંવાર કહેવા લાયક છે' એમ વ્યુહાત્મક અને અને સલામતિ બાબતે સંશોધન કરતી નોન-પ્રોફિટ અને તદ્દન સ્વાયત્ત સંસ્થા નેટસ્રેટ દ્વારા તૈયાર કરાયેલાં રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું.૧૯૪૭થી આજદિન સુધીનો રેકોર્ડ જોઈએ તો તેમાં સ્પષ્ટ જણાય છે કે, પાકિસ્તાનના લશ્કર અને તેની કુખ્યાત જાસૂસી સંસ્થા આઈએસઆઈ દ્વારા ત્રાસવાદનો ભારત વિરોધી વિદેશનીતિ તરીકે સતત ઉપયોગ કરાયો છે. 'ભારત ઉપર પાકિસ્તાનના ત્રાસવાદી હુમલાનો અનુક્રમ-૧૯૪૭-૨૦૨૫' શીર્ષક ધરાવતા આ અહેવાલ અનુસાર પાકિસ્તાન તરફથી થઈ રહેલી ત્રાસવાદી પ્રવૃત્તિઓને પાંચ વિભાગમાં વિભાજીત કરી શકાય.(૧) ૧૯૪૭ થી ૧૯૭૧નો સમયગાળો જ્યારે ભારત વિરોધી ત્રાસવાદી પ્રવૃતિઓનો પાયો નંખાયાનો યુગ કહેવાય છે. (૨) ૧૯૭૨ થી ૧૯૮૯નો સમયગાળો જે ભારત વિરોધી પ્રોક્સી વોરના ઉદયનો સમયગાળો કહેવાય છે. (૩) ૧૯૯૦ થી ૨૦૦૦ સુધીનો સમયગાળો દેશના શહેરી વિસ્તારોમાં થતાં ત્રાસવાદી હુમલામાં ખુબ વધારો થયો હોવાનો સમય કહેવાય છે. (૪) ૨૦૦૧ થી ૨૦૦૯ સુધી થયેલા ત્રાસવાદી હુમલાઓમાં ભારતના રાષ્ટ્રીય પ્રતીકો અને સ્મારકોને નિશાન બનાવવામાં આવ્યા હતા (૫) ૨૦૧૦ થી ૨૦૨૫ દરમ્યાન પાકિસ્તાને ત્રાસવાદને સંપૂર્ણ રીતે ભારત વિરોધી હથિયાર તરીકે અપનાવી લીધો હતો અને ભારત દ્વારા તે ત્રાસવાદ હુમલાઓનો જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. ચાર દાયકાનો અનુભવ ધરાવતા પંકજ સરન દિલ્હી સ્થિત નેટસ્રેટ સંસ્થાના કન્વિનર છે.

# મુંબઈમાં ગુજરાતી પરિવાર સાથે વડીલોની સંભાળ રાખનાર નોકરે જ કર્યો વિશ્વાસઘાત

મુંબઈ,તા.૧૬

મુંબઈના માટુંગા વિસ્તારમાં ભાઉદાજી રોડ પર આવેલી એક સોસાયટીમાં રહેતા ૫૩ વર્ષીય ગુજરાતી વેપારી કૌશલ અરવિંદ ભુવાના ઘરમાંથી આશરે ૨૨ લાખ રૂપિયાના સોના અને હીરાના દાગીના ચોરાઈ ગયા છે. આ ચોરી પાછળ તેમના જ ઘરમાં વડીલોની સંભાળ રાખવા રાખેલા ૪૬ વર્ષીય નોકર નીતિન જાધવનો હાથ હોવાનો આરોપ છે. નીતિન ચોરી કરીને રફુચક્કર થઈ ગયો છે, અને માટુંગા પોલીસે તેની સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી દીધી છે.વેપારીના ઘરમાં વિશ્વાસનો દુરુપયોગકૌશલ ભુવા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

તેમના ઘરમાં બે વડીલોની સંભાળ માટે આશરે છ મહિના પહેલાં નીતિન જાધવને ફુલટાઈમ નોકર તરીકે રાખવામાં આવ્યો હતો. નીતિન દરરોજ સવારે ૮ વાગ્યે આવીને વડીલોની સંભાળ રાખતો અને સાંજે પાછો ઘરે જતો હતો.પરંતુ ૬ ડિસેમ્બરથી અચાનક નીતિન કામ પર આવવાનું બંધ કરી દીધું. પરિવારે અનેક વખત તેના ફોન પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેનો કોઈ જવાબ ન મળ્યો.આથી પરિવારને શંકા થઈ અને વડીલોના બેડરૂમમાં વૉર્ડરોબમાં રાખેલા દાગીનાની તપાસ કરી. તપાસમાં ૧૬ પ્રકારના સોના અને હીરા જડિત દાગીના ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું, જેની કુલ કિંમત આશરે ૨૨ લાખ રૂપિયા છે.ઘરમાં લાગેલા ક્લોઝ્ડ સર્કિટ ટેલિવિઝન (CCTV) કેમેરાના ફૂટેજમાં નીતિન જાધવ દાગીના પર હાથ સાફ કરતો જોવા મળ્યો છે. આ ફૂટેજે પરિવારની શંકાને પુષ્ટિ આપી અને તેમણે તુરંત માટુંગા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# પતિ-પત્ની લાંબો સમય અલગ રહે તે બંને માટે ક્રૂરતા સમાન : SC

નવી દિલ્હી, તા.૧૬

વિખૂટા પડેલા દંપતીના લગ્નનો વિચ્છેદ કરતાં સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે પતિ અને પત્ની વચ્ચે સમાધાનની કોઈ આશા વગર લાંબા સમય સુધી અલગ રહેવું બંને પક્ષો માટે ક્રૂરતા સમાન ગણાય છે. ન્યાયમૂર્તિ મનમોહન અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચીની બેન્ચે નોંધ્યું કે આ દંપતીના લગ્ન ૪ ઑગસ્ટ, ૨૦૦૦ના રોજ થયા હતા અને લગ્નના માત્ર બે વર્ષ બાદ, ૨૦૦૩માં તેઓ વૈવાહિક વિવાદમાં ફસાયા હતા. જુદા-જુદા મતભેદ અને મનભેદના કારણે તેઓ છેલ્લા ૨૪ વર્ષથી અલગ રહી રહ્યા છે.બેન્ચે જણાવ્યું હતું કે અદાલતો દ્વારા વારંવાર પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં બંને પક્ષો વચ્ચે કોઈ સમાધાન શક્ય બન્યું નથી. બેન્ચે જણાવ્યું કે અનેક કેસોમાં બંને પક્ષો લાંબા સમયથી અલગ રહેતા હોય, અને એવું માનવામાં આવ્યું છે કે સમાધાનની કોઈ આશા વગર લાંબા સમય સુધી અલગ રહેવું બંને પક્ષો માટે ક્રૂરતા સમાન છે. આ અદાલતનું પણ માનવું છે કે લાંબા સમય સુધી વૈવાહિક કેસ ચાલતા રહેતા હોવાને કારણે લગ્ન માત્ર કાગળ પર જ જીવંત રહે છે. જ્યાં કેસો લાંબા સમયથી પેન્ડિંગ હોય, ત્યાં પક્ષો વચ્ચેના સંબંધો તોડવામાં જ પક્ષો અને સમાજ બંનેનું હિત રહેલું છે. અત્યાર સુધી ચાલતા આવેલા વૈવાહિક વિવાદોને કોઈ રાહત આપ્યા વિના અદાલતમાં પેન્ડિંગ રાખવાથી કોઈ ઉપયોગી હેતુ સિદ્ધ થતો નથી.બેન્ચે શિલોંગના રહેવાસી આ દંપતીના લગ્ન તૂટી ગયા હોવાના આધારે છૂટાછેડાંનો આદેશ આપ્યો.

### ઘટનાસ્થળે FSLની ટીમ પણ પહોંચી હતી

# ગાંધીનગરમાં શ્રમજીવી પરિવારની પાંચ વર્ષની બાળકી ઉપર દુષ્કર્મ

### પોલીસે શંકાના આધારે બાળકીના મામા સહિત ચાર શખસોની અટકાયત કરી તપાસ શરૂ કરી

ગાંધીનગર , તા.૧૬

ગાંધીનગર શહેરના શ્રમજીવી પરિવારની ૫ વર્ષીય બાળકી પર રવિવારની રાત્રે દુષ્કર્મ આચરાયુ હોવાની ઘટનાએ પંથકમાં ચકચાર જગાવી છે. બાળકી શૌચક્રિયા માટે ઊઠી ત્યારે તકનો લાભ લઈ આરોપીએ દુષ્કૃત્ય આચર્યું હતું. ગભરાઈ ગયેલી બાળકી દાદી પાસે જઈને રડવા લાગી હતી. ત્યારે લોહી વાળા કપડા જોઈને દાદીને શંકા ગઈ હતી કે બાળકી સાથે કંઈક અઘટિત થયુ છે. પોલીસે શંકાના આધારે બાળકીના મામા સહિત ચાર શખસોની અટકાયત કરી તપાસ શરૂ કરી છે. ઘટનાસ્થળે FSLની ટીમ પણ પહોંચી હતી.ગાંધીનગર શહેરના છાપરા વિસ્તારમાં રહેતો શ્રમજીવી પરિવાર દિવસે મજૂરી કામે જઈને આવીને વાળુ કરી રાત્રે સૂઈ ગયો હતો. દરમિયાન મોડી રાત્રે બાળકી શૌચક્રિયા માટે ઝુપડાની બહાર જતા તેની એકલતાનો લાભ લઈ કોઈ શખ્સોએ તેની સાથે અપકૃત્ય આચર્યુહતું. ડરી ગયેલી બાળકી દાદી પાસે જઈને "ભૂત આવ્યું, ભૂત આવ્યું" કહીને રડવા માંડી હતી. દાદીએ બાળકીને શાંત રાખી તપાસ કરતા તેના વસ્ત્રો પર લોહી જોવા મળ્યુ હતું. જેથી કંઈક અઘટિત થયુ હોવાની શંકા જતા બાળકીને સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. તબીબી તપાસમાં બાળકી પર દુષ્કર્મ આચરવામાં આવ્યુંહોવાનુંસામે આવતા સેક્ટર-૨૧ પોલીસ એલર્ટ થઈ ગઈ હતી.સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ પીડિત બાળકીના માતા-પિતા વચ્ચે અણબનાવ હોવાથી માતા બાળકીને લઈને તેના પિયરમાં છાપરા વિસ્તારમાં રહે છે. ઘટના બની તે વખતે પરિવારના સભ્યો સૂઈ ગયા હતા. પોલીસે આવી અપકૃત્યની ઘટનામાં બાળકીના મામા સહિત આશરે ચાર લોકોને શંકાના આધારે પૂછપરછ માટે અટકાયતમાં લીધા છે અને પૂછપરછ હાથ ધરી છે. જો કે ચાર શકમંદ પાસેથી કંઈ વિગતો ન મળતાં આ ઘટનાની તપાસનો દોર ગાંધીનગર એલસીબીએ હાથમાં લીધો છે.

### I.N.D.I.A. ગઠબંધનમાં ખટપટ?

# રાહુલ ગાંધીની લડતમાં વધુ એક સાથી પક્ષે હાથ પાછા ખેંચ્યા

**કાર્યકારી અધ્યક્ષ સુલેની પાર્ટી વિપક્ષી ગઠબંધન 'મહારાષ્ટ્ર વિકાસ અઘાડી'નો એક ભાગ છે, જેમાં કોંગ્રેસ અને શિવસેના (UBT) પણ સામેલ છે**

નવીદિલ્હી,તા.૧૬

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી(શરદચંદ્ર પવાર)ના વરિષ્ઠ નેતા અને સાંસદ સુપ્રિયા સુલેએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન(EVM) પર સવાલ ઉઠાવવાનો ઈનકાર કર્યો છે. તેમણે લોકસભામાં ચૂંટણી સુધારા પરની ચર્ચા દરમિયાન જણાવ્યું હતું કે તેઓ આ જ મશીનો દ્વારા ચાર વખત સાંસદ તરીકે ચૂંટાયા હોવાથી EVM સામે પ્રશ્ન નહીં કરે. મહારાષ્ટ્રના બારામતીથી ચાર વખત લોકસભાના સભ્ય અને NCP(શરદ પવાર)ના કાર્યકારી અધ્યક્ષ સુલેની પાર્ટી વિપક્ષી ગઠબંધન 'મહારાષ્ટ્ર વિકાસ અઘાડી'નો એક ભાગ છે, જેમાં કોંગ્રેસ અને શિવસેના(UBT) પણ સામેલ છે.ગૃહમાં સુપ્રિયા સુલેએ કહ્યું, કે, 'હું આ જ મશીન દ્વારા ચૂંટાઈને આવી છું, તેથી હું EVM કે VVPAT પર કોઈ સવાલ નહીં ઉઠાવું.' તેમણે સ્પષ્ટતા કરી કે, 'હું મશીનની વિરુદ્ધમાં કોઈ વાત નથી કરી રહી. હું માત્ર એક ખૂબ જ મર્યાદિત મુદ્દો રજૂ કરી રહી છું અને ભારતીય જનતા પાર્ટી, જેને મહારાષ્ટ્રમાં આટલો મોટો જનાદેશ મળ્યો છે, તેની પાસેથી મારી મોટી અપેક્ષાઓ છે.'

એક દિવસ પૂર્વે દિલ્હીના રામલીલા મેદાનમાં આયોજિત એક રેલીને સંબોધતા કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ ભાજપ અને પીએમ મોદીને બેલેટ પેપર દ્વારા ચૂંટણી કરાવવાનો પડકાર ફેંક્યો હતો.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જો ભાજપ બેલેટ પેપર પર ચૂંટણી લડે અને મતની ચોરી કરવાનું બંધ કરે, તો તે એક પણ ચૂંટણી જીતી શકશે નહીં. તેમના મતે, ચૂંટણી પંચના સહયોગ વિના ભાજપ માટે ચૂંટણી જીતવી અશક્ય છે.

પ્રિયંકા ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે ચૂંટણી પંચ સરકારને મદદ કરી રહ્યું છે અને લોકશાહીને નબળી પાડી રહ્યું છે. ચૂંટણીની જાહેરાતથી માંડીને મતદાર યાદી, મતદાન, મતગણતરી અને EVMનો ઉપયોગ—આ તમામ બાબતોમાં પંચ ભાજપને લાભ પહોંચાડવા માટે કામ કરી રહ્યું છે. અંતે, તેમણે ઉમેર્યું કે જનતાનો વિશ્વાસ ભાજપ, સરકાર, વડાપ્રધાન અને ગૃહમંત્રી પરથી હટી ગયો છે.

EVM અંગે સુપ્રિયા સુલેનું આ નિવેદન ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણાય છે, કારણ કે તેના રાજકીય અર્થો અને સંદેશાઓ ઊંડા હોઈ શકે છે. આ નિવેદનથી હવે એવી અટકળો પણ તેજ બની છે કે શું 'ઈન્ડિયા' ગઠબંધનના સહયોગી પક્ષો વચ્ચે કોઈ આંતરિક મતભેદ ઊભો થયો છે.

સામાન્ય રીતે, સંસદમાં તમામ વિપક્ષી દળો કોઈ પણ મુદ્દે સરકારનો સંયુક્તપણે સામનો કરતા આવ્યા છે અને ગૃહની અંદર તેમજ બહાર સરકારને ઘેરતા રહ્યા છે. જોકે, ચૂંટણી સુધારાની ચર્ચા દરમિયાન, જ્યાં કોંગ્રેસના નેતાઓ EVMના કથિત દુરુપયોગનો મુદ્દો ઉઠાવી રહ્યા છે, ત્યાં સુપ્રિયા સુલેએ પોતાની ચાર વખતની જીતનો ઉલ્લેખ કરીને EVM પર સવાલ ઉઠાવવાની ના પાડી દીધી.

### વૃંદાવનમાં સેંકડો વર્ષ જૂની પરંપરા તૂટી

# રસોઈયાને પગાર ન મળતા ઠાકોરજીને ભોગ ન ધરાવાયો

**રસોઈયાને દર મહિને રૂ.૮૦,૦૦૦ પગાર આપવામાં આવે છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી તેને પગાર ચૂકવવામાં આવ્યો નહોતો**

વૃંદાવન, તા.૧૬

વૃંદાવનના સુપ્રસિદ્ધ શ્રી ઠાકુર બાંકે બિહારી મંદિરમાં સોમવારે એક અભૂતપૂર્વ ઘટના બની, જેના કારણે વર્ષોથી ચાલી આવતી પરંપરા તૂટી ગઈ. રસોઈયાને પગારની ચૂકવણી ન થવાના કારણે ભોગ તૈયાર ન થતાં ઠાકુરજીને પહેલીવાર ભોગ ધરવામાં ન આવ્યો. આ ઘટનાથી મંદિરના ગોસ્વામીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, જ્યારે મંદિરની વ્યવસ્થા સંભાળતી હાઈ પાવર કમિટી આ મામલે પોતાનો હાથ ખંખેરવાનો પ્રયાસ કરી રહી છે.દેશ-વિદેશમાંથી દરરોજ લાખો શ્રદ્ધાળુઓ શ્રી ઠાકુર બાંકે બિહારીના દર્શન કરવા આવે છે. મંદિરમાં ઠાકુરજીને સવારે બાળ ભોગ અને સાંજે શયન ભોગ અર્પણ કરવાની પરંપરા છે. પરંતુ સોમવારે આ બંને ભોગ ઠાકુરજીને ન લાગતા ભક્તોએ તેમને ભોગ વિના જ દર્શન કર્યા હતા.શ્રી ઠાકુર બાંકે બિહારી મંદિરની વ્યવસ્થાઓ માટે સુપ્રીમ કોર્ટે એક હાઈ પાવર કમિટીની રચના કરી છે. આ કમિટી હેઠળ ઠાકુરજીના પ્રસાદ અને ભોગની સામગ્રી તૈયાર કરવા માટે રસોઈયાની નિમણૂક કરવામાં આવી છે. રસોઈયાને દર મહિને રૂ.૮૦,૦૦૦ પગાર આપવામાં આવે છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી તેને પગાર ચૂકવવામાં આવ્યો નહોતો. આ કારણે રસોઈયાએ ઠાકુરજી માટે બાળ ભોગ અને શયન ભોગ તૈયાર ન કર્યો. મંદિરના ગોસ્વામીઓએ જણાવ્યું કે, 'શ્રી ઠાકુર બાંકે બિહારીનો ભોગ તૈયાર કરવાની જવાબદારી મયંક ગુપ્તા નામના વ્યક્તિ પાસે છે. આ વ્યક્તિ રસોઈયા દ્વારા ઠાકુરજી માટે દિવસમાં ચાર વખત ભોગ તૈયાર કરાવે છે: જેમાં સવારે- બાળ ભોગ, બપોરે- રાજભોગ, સાંજે- ઉત્થાપન ભોગ અને રાત્રે, શયન ભોગ. રસોઈયાએ તૈયાર કરેલો ભોગ ઠાકુરજીને અર્પણ કરવામાં આવે છે, પરંતુ સોમવારે આ ભોગ સેવાયતોને મળી શક્યો નહીં.કમિટીના સભ્ય દિનેશ ગોસ્વામીએ માહિતી આપી કે તેમને સોમવારે મંદિરમાં ઠાકુરજી માટે બાળ ભોગ અને શયન ભોગ ન મળ્યાની જાણકારી મળી હતી. મયંક ગુપ્તાને પૂછવામાં આવતાં જાણવા મળ્યું કે રસોઈયાને ચૂકવણી ન થવાના કારણે ભોગ તૈયાર કરવામાં આવ્યો નથી. કમિટી દ્વારા તાત્કાલિક મયંક ગુપ્તાને ચૂકવણી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે અને ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને તે માટે કડક આદેશો પણ આપવામાં આવી રહ્યા છે.


### અમારો એપિસોડ રાત્રે ૧૨ વાગ્યા સુધી શૂટ થયો હતો

# અમિતાભ બચ્ચન ૮૩ વર્ષની ઉંમરે એક દિવસમાં કેબીસીના ત્રણ એપિસોડ શૂટ કરે છે

**શારીબ હાશ્મીએ ખુલાસો કર્યો કે અમિતાભ બચ્ચન સવારના ૯થી અડધી રાત સુધી શૂટ કરે છે**

મુંબઈ, તા.૧૬

એક તરફ બોલિવૂડમાં દીપિકા પાદુકોણની આઠ કલાકની શિફ્ટની માગની ચર્ચા છે, ત્યારે બીજી તરફ લિજેન્ડ અમિતાભ બચ્ચન છે, જેઓ સવારે નવ વાગ્યાથી લઈને મોડી રાત સુધી કામ કરે છે. ૮૩ વર્ષની ઉંમરે પણ અમિતાભ બચ્ચન સાબિત કરે છે કે શિસ્ત અને કામ પ્રત્યે સમર્પણભાવની વાત આવે ત્યારે તેમને કોઈ બંધન આડે આવતા નથી. છેલ્લા બે દસકાથી તેઓ કૌન બનેગા કરોડપતિ સાથે કામ કરી રહ્યા છે. તાજેતરમાં પોતાની વેબ સિરીઝના પ્રમોશન માટે શારીબ હાશ્મી આ શોના મહેમાન બન્યા હતા. તેઓ કેબીસી૧૭ના શૂટમાં અમિતાભ બચ્ચનથી ખુબ પ્રભાવિત થયા છે.કેબીસી પ્લે અલોંગ એપિસોજમાં શારીબ હાશ્મી, જયદીપ આહલાવત અને મનોજ બાજપાઈ શો પર આવ્યા હતા. આ એપિસોડ કેબીસીના દર્શકો માટે પણ યાદગાર એપિસોડ બની ગયો હતો. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં શારીબ હાશ્મીએ જણાવ્યું કે, "મને



લાગ્યું કે હું જાણે એક સપનું જોઉં છું અને ચાલતું જ રહે છે. એ અદ્દભુત અનુભવ હતો, મારી યાદોમાં આ અનુભવ આજીવન રહેશે. મને જ્યારે તેમણે મારી સફર વિશે પૂછ્યું, તો મને થયું "ઓહ માય ગોડ". એ મને કશુંક પૂછતા હતા અને મારી સાથે વાત કરતા હતા એ વાત જ મારા માટે પચાવવી અઘરી થઈ રહી હતી."શૂટિંગ શીડ્યુલ કેટલાં અઘરા હોય છે અને તેના માટે કેટલી સ્ટેમિના જોઈએ છે, તે અંગે શારબે કહ્યું, "એમની એનર્જીની તો વાત જ થાય એમ નથી, એમને સલામ છે. આ ઉંમરે એ એક જ દિવસમાં ત્રણ એપિસોડ શૂટ કરે છે. એ ૯ વાગ્યે સવારે સેટ પર પહોંચી જાય છે અને મોડી રાત સુધી શૂટ ચાલે છે.

અમારો એપિસોડ રાત્રે ૧૨ વાગ્યા સુધી શૂટ થયો હતો, અમારો એપિસોડ એ દિવસનો છેલ્લો એપિસોડ હતો. એમાં પણ એમની એનર્જી એવીને એવી જ હતી, અમે અમુક ક્ષણો માટે ઝોંકા ખાઈ જતાં હોય એવું થયું. એક જામાનાના સુપર હિરો એમનેમ નથી બની જવાતું!" શારીબના મતે અમિતાભ બચ્ચન એક જ દિવસમાં ત્રણ એપિસોડ શૂટ કરે છે, તેઓ ત્રણ એપિસોડ સુધી એક સરખો ઉત્સાહ જાળવી રાખે છે. તેમની આ તાકાત અને ઉત્સાહ માત્ર દરેક પેઢીના દર્શકો જ નહીં પણ કલાકારોને પણ પ્રેરણા આપે છે. આ એપિસોડમાં જયદીપ, મનોજ અને શારીબ મળીને ૭,૫૦,૦૦૦ રૂપિયા જીત્યા હતા.

### યોજનાઓના નામ બદલવા પર પ્રિયંકા ગાંધીએ કરી ટીકા

# મોદી સરકારને નામ બદલવાનો વળગાડ: પ્રિયંકા ગાંધીના પ્રહાર


**નવા બિલની જોગવાઈ મુજબ હવે રાજ્યોએ ૬૦% હિસ્સો ભોગવવો પડશે, જેના કારણે રાજ્યોની અર્થવ્યવસ્થા પર અસહ્ય બોજ વધશે**

નવી દિલ્હી,તા.૧૬

સંસદમાં મનરેગા (MGNREGA) કાયદાને નાબૂદ કરી તેની જગ્યાએ નવું બિલ લાવવા મુદ્દે ભારે હોબાળો મચ્યો છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ 'વિકસિત ભારત - ગેરંટી ફોર રોજગાર અને આજીવિકા મિશન(ગ્રામીણ) - VB-GRAM G' બિલ, ૨૦૨૫નો સખત વિરોધ કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે આ નવું બિલ રોજગારના કાયદાકીય અધિકારને નબળો પાડે છે અને સત્તાનું કેન્દ્રીકરણ કરે છે.

પ્રિયંકા ગાંધીએ સરકારની ટીકા કરતાં કહ્યું કે, 'સરકારને દરેક યોજનાનું નામ બદલવાની જે સનક છે, તે સમજાતી નથી. જ્યારે પણ નામ બદલવામાં આવે છે, ત્યારે સરકારી તિજોરી પર મોટો ખર્ચ થાય છે. કોઈ પણ બિલ કોઈની અંગત મહત્ત્વાકાંક્ષા કે પૂર્વગ્રહના આધારે રજૂ ન થવું જોઈએ.' તેમણે આ બિલને પાછું ખેંચીને સ્થાયી સમિતિ પાસે મોકલવાની માંગ કરી છે.

કોંગ્રેસ સાંસદે નવા બિલની ખામીઓ ગણાવતાં ચિંતા વ્યક્ત કરી હતી કે, 'આ કાયદાથી રોજગારનો કાયદાકીય અધિકાર નબળો પડશે અને મનરેગામાં અત્યાર સુધી જે કામની પાકી ગેરંટી મળતી હતી, તે હવે જોખમમાં મૂકાશે.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'આ બિલ દ્વારા કેન્દ્ર સરકાર પોતાની જવાબદારીઓ ઓછી કરી રહી છે અને સત્તાનું નિયંત્રણ પોતાના હસ્તક વધારી રહી છે. સૌથી ગંભીર બાબત એ છે કે, અત્યાર સુધી



મનરેગામાં કેન્દ્ર સરકાર ૯૦% ગ્રાન્ટ આપતી હતી, પરંતુ નવા બિલની જોગવાઈ મુજબ હવે રાજ્યોએ ૬૦% હિસ્સો ભોગવવો પડશે, જેના કારણે રાજ્યોની અર્થવ્યવસ્થા પર અસહ્ય બોજ વધશે.' પ્રિયંકા ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું કે, 'આ બિલ બંધારણના ૭૩મા સુધારા(પંચાયતી રાજ)ની વિરુદ્ધ છે. મનરેગામાં ગ્રામસભાઓને પોતાની જરૂરિયાત મુજબ કામ નક્કી કરવાનો અધિકાર હતો, જે હવે છીનવાઈ રહ્યો છે. બંધારણની ભાવના છે કે સત્તા દરેક વ્યક્તિના હાથમાં હોવી જોઈએ, જે પંચાયતી રાજનો મૂળ મંત્ર છે, આ બિલ તેની વિરુદ્ધ છે.'

છેલ્લા ૨૦ વર્ષના ઈતિહાસને યાદ કરતાં તેમણે કહ્યું કે મનરેગા ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં સફળ રહ્યું છે. જ્યારે આપણે ક્ષેત્રમાં જઈએ છીએ ત્યારે મનરેગા મજૂર દૂરથી ઓળખાઈ જાય છે. તેના ચહેરા પર કરચલીઓ અને હાથ પથ્થર જેવા કઠણ હોય છે કારણ કે તે સખત મજૂરી કરે છે. આ કાયદો માંગ આધારિત હતો, જે ગરીબોને ૧૦૦ દિવસના રોજગારની ખાતરી આપતો હતો.

વિપક્ષના આ વિરોધ વચ્ચે શું સરકાર આ બિલમાં કોઈ ફેરફાર કરશે કે તેને બહુમતીના જોરે પસાર કરશે, તે જોવું મહત્ત્વનું રહેશે.

### ભગવાનને પણ આરામનો સમય નથી આપતા, આ તો એમનું શોષણ કહેવાય

# અમીરો માટે મંદિરમાં દર્શનની અલગ ખાસ વ્યવસ્થા કેમ : સુપ્રીમનો સવાલ

**વૃંદાવનના બાંકે બિહારીજી મંદિરમાં દર્શન વ્યવસ્થામાં ફેરફાર મુદ્દે સુપ્રીમે કમિટી અને રાજ્ય સરકાર પાસેથી જવાબ માગ્યો**

નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટે સોમવારે વૃંદાવન સ્થિત શ્રી બાંકે બિહારીજી મંદિરમાં દર્શન માટેની જે હાલની વ્યવસ્થા છે તેના પર સવાલો ઉઠાવ્યા હતા. સુપ્રીમે કહ્યું હતું કે હાલ એવી વ્યવસ્થા છે કે જેમાં દેવતાને આરામ કરવાનો પણ સમય નથી અપાઈ રહ્યો. જે એક પ્રકારનું શોષણ છે. આ સાથે જ રૂપિયા લઈને અમીર લોકો માટે વિશેષ વ્યવસ્થા કે સુવિધા આપવામાં આવી રહી છે તેના પર પણ સુપ્રીમે સવાલો ઉઠાવ્યા હતા. સુપ્રીમ કોર્ટમાં શ્રી બાંકે બિહારી મહારાજ મંદિરની મેનેજમેન્ટ કમિટીની અરજી પર સુનાવણી ચાલી રહી છે. સુપ્રીમના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગ્ચી અને ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીની બેંચ સમક્ષ એવી દલીલ કરાઈ હતી કે મંદિરમાં દર્શનનો સમય બદલી નાખવામાં આવ્યો છે. જેના પર ટિપ્પણી કરતા સુપ્રીમની બેંચે કહ્યું હતું કે હાલની વ્યવસ્થા એવી છે કે જેમાં દેવતાને આરામ કરવાનો પણ સમય નથી અપાઈ રહ્યો, આ તો દેવતાઓનું જ શોષણ કહેવાય. સુપ્રીમે નોંધ્યું હતું કે બપોરે ૧૨ વાગ્યે મંદિર બંધ થયા બાદ પણ દેવતાને એક મિનિટનો પણ સમય નથી અપાતો. આ જ સમયે સૌથી વધુ વિશેષ પૂજાપાઠ કરાવવામાં આવે છે. જે પૂજા માટે મોટી રકમ આપી શકે તેના માટે જ ખાસ પૂજાની છૂટ અપાય છે, આવું કેમ થઈ રહ્યું છે? મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે મોટી રકમ આપનારાઓ માટે પડદો લગાવીને વિશેષ પૂજા કરાવવામાં આવે છે જે યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે આ મામલે ગઠીત હાઈ પાવરેડ કમિટી અને ઉત્તર પ્રદેશ સરકારને નોટિસ પાઠવીને જવાબ માગ્યો છે. મામલાની આગામી સુનાવણી જાન્યુઆરી મહિનાના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવશે.

### નાના વેપારી, નાગરિકોની હાલાકી દૂર કરવા રીઝર્વ બેન્ક સમક્ષ રજૂઆત

# દેશમાં નાની ચલણી નોટોની અછત, રૂ.૧૦થી ૫૦ની કરન્સી દુર્લભ બની

**દેશમાં ડિજિટલ વ્યવહારો વધ્યા હોવા છતાં રોકડ લેણ-દેણનું પ્રમાણ પણ વધ્યું છે : AIRBEA**

કોલકાતા, તા.૧૬

દેશભરમાં નાની ચલણી નોટોની તીવ્ર અછત ઊભી થઈ હોવાથી નાના વેપારીઓ અને સામાન્ય નાગરિકોને ભારે હાલાકી પડી રહી હોવાના મામલે ધ ઓલ ઈન્ડિયા રીઝર્વ બેન્ક એમ્પ્લોયીઝ એસોસિએશન (AIRBEA) દ્વારા રીઝર્વ બેન્ક સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. એસોસિએશને રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાને પાઠવેલા પત્રમાં જણાવાયું છે કે, દેશનાં ઘણાં વિસ્તારમાં અને ખાસ કરીને ગ્રામ્ય-અર્ધશહેરી વિસ્તારોમાં રૂ.10, 20 અને 50ની ચલણી નોટો લગભગ અપ્રાપ્ય બની ગઈ છે. રીઝર્વ બેન્કમાં ડીપાર્ટમેન્ટ ઓફ કરન્સી મેનેજમેન્ટના ડેપ્યુટી ગવર્નર ટી રબિશંકરને ઉદ્દેશીને લખાયેલા પત્રમાં કહેવાયું છે કે, રૂ.100, 200 અને 500ની નોટ એટીએમમાં સરળતાથી મળી રહે છે. એટીએમમાં માત્ર ઊંચા મૂલ્યની નોટો જ ડીસ્પેન્સ થાય છે અને નાની ચલણી નોટો લોકો સુધી પહોંચાડવામાં બેંક શાખાઓ અસમર્થ રહે છે.

આ પરિસ્થિતિના કારણે લોકલ ટ્રાન્સપોર્ટ, અનાજ-કરિયાણુ વગેરે જેવી વસ્તુઓ માટે રોકડમાં વ્યવહાર કરવાનું અઘરું બન્યું છે. AIRBEAના જણાવ્યા મુજબ, દેશમાં ડિજિટલ વ્યવહારો વધ્યા હોવા છતાં રોકડ લેણ-દેણનું પ્રમાણ પણ વધ્યું છે. ડિજિટલ ચૂકવણીની મદદથી નાની રોકડની જરૂરિયાતો સંપૂર્ણ નાબૂત થઈ નથી. દેશની વસતીનો મોટો ભાગ રોજિંદી જરૂરિયાતો માટે રોકડ વ્યવહાર પર નિર્ભર છે. નાની ચલણી નોટોને સિક્કાઓ સાથે રિપ્લેસ કરવાના પ્રયાસો ઈચ્છિત પરિણામ લાવી શકયા નથી. વળી, આવા સિક્કાઓ પણ ખૂબ ઓછી માત્રામાં ઉપલબ્ધ છે.આ પરિસ્થિતિમાં રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાને તાત્કાલિક પગલાં ભરવાનું સૂચન કરાયું છે. AIRBEAના સૂચન મુજબ, નાના મૂલ્યની ચલણી નોટો કમર્શિયલ બેન્કની શાખાઓ ઉપરાંત રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના કાઉન્ટર પર પણ સરળતાથી મળી રહેવી જોઈએ. ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયત, સહકારી ક્ષેત્ર, રૂરલ બેન્ક તથા સ્વ સહાય જૂથોની મદદથી સિક્કાઓનું સરક્યુલેશન વધારવા અને ઠેર-ઠેર 'કોઈન મેળા' યોજવા ભલામણ કરવામાં આવી છે.

### દિલ્હી કોર્ટે EDની તપાસની કાયદેસરતા પર એક મહત્ત્વપૂર્ણ સવાલ ઉઠાવ્યા

# સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાંથી મોટી રાહત મળી

**કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા દાખલ કરવામાં આવેલી મની લોન્ડરિંગની ચાર્જશીટ પર ધ્યાન આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે**

નવીદિલ્હી,તા.૧૬

નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા દાખલ કરવામાં આવેલી મની લોન્ડરિંગની ચાર્જશીટ પર ધ્યાન આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.સુનાવણીની શરૂઆતમાં કોર્ટે આર્થિક ગુના નિવારણ સેલ (EOW)ની ફરિયાદ સંબંધિત રિવિઝન અરજી પર આદેશ આપ્યો હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું કે 'EOW FIRની નકલ હાલ માટે સોનિયા ગાંધી સહિતના આરોપીઓને પૂરી પાડવામાં આવશે નહીં.' ત્યારબાદ કોર્ટે નેશનલ હેરાલ્ડ કેસના તથ્યોને રેકોર્ડમાં વાંચ્યા અને પછી EDની ચાર્જશીટ પર પોતાનો આદેશ સંભળાવ્યો. આ આદેશમાં કોર્ટે EDની ચાર્જશીટ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો.

દિલ્હી કોર્ટે EDની તપાસની કાયદેસરતા પર એક મહત્ત્વપૂર્ણ સવાલ ઉઠાવ્યો હતો. કોર્ટે નોંધ્યું કે, 'CBI એ હજી સુધી કોઈ 'પ્રિડિકેટ ગુનો' (મૂળ ગુનો) નોંધ્યો નથી, તેમ છતાં ED શેની તપાસ ચાલુ રાખે છે.'

કોર્ટે પ્રશ્ન કર્યો કે જ્યારે મૂળ ગુનો (પ્રિડિકેટ ગુનો) નોંધાયેલો જ ન હોય, ત્યારે મની લોન્ડરિંગ તપાસ (Prevention of Money Laundering Act - PMLA હેઠળ) કેવી રીતે આગળ વધી શકે. આ કાયદાકીય આધાર પર કોર્ટે EDની ચાર્જશીટ પર ધ્યાન આપવાનો ઈનકાર કર્યો હતો. નોંધનીય છેકે, ગાંધી પરિવાર માટે નેશનલ હેરાલ્ડ કેસમાં આ નિર્ણયને એક મોટી કાનૂની જીત તરીકે જોવામાં આવે છે.

### વાયુ પ્રદૂષણને દૂર કરવા માટે કડક પગલાં લેવાનો નિર્ણય

# દિલ્હીમાં PUC સર્ટી વિના નહી મળે પેટ્રોલ કે ડીઝલ

**ડ્રાઇવરોને કોઈપણ સમસ્યા ટાળવા માટે સમયસર PUC પ્રમાણપત્ર મેળવવા વિનંતી કરવામાં આવી છે**

નવીદિલ્હી,તા.૧૬

સરકારે દિલ્હીમાં વાયુ પ્રદૂષણને દૂર કરવા માટે કડક પગલાં લેવાનો નિર્ણય લીધો છે. ૧૮ ડિસેમ્બરથી, રાજધાનીમાં કોઈપણ વાહનને PUC વગર પેટ્રોલ કે ડીઝલ આપવામાં આવશે નહીં. ડ્રાઈવરોને PUC પ્રમાણપત્ર મેળવવા માટે ફક્ત આજે અને આવતીકાલનો સમય છે; આ નિયમ ગુરુવારથી સંપૂર્ણ રીતે અમલમાં આવશે.ઉલ્લંઘન સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. બાંધકામ સામગ્રી વહન કરતી કોઈપણ ટ્રક જપ્ત કરવામાં આવશે અને ભારે દંડ કરવામાં આવશે. વધુમાં દિલ્હીની બહારથી આવતા BS-૬ ધોરણોથી નીચેના વાહનો પર પ્રતિબંધ આગામી આદેશો સુધી ચાલુ રહેશે. વહીવટનું કહેવું છે કે આ નિર્ણયો રાજધાનીમાં પ્રદૂષણના સ્તરને નિયંત્રિત કરવાના હેતુથી છે. ડ્રાઈવરોને કોઈપણ સમસ્યા ટાળવા માટે સમયસર PUC પ્રમાણપત્ર મેળવવા વિનંતી કરવામાં આવી છે.દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિન્દર સિંહ સિરસાએ કહ્યું કે કોઈપણ ચૂંટાયેલી સરકાર માટે નવથી દસ મહિનામાં AQI ઘટાડવું અશક્ય છે. દિલ્હીમાં પ્રદૂષણ માટે હું માફી માંગુ છું. અમે આમ આદમી પાર્ટીની સરકાર કરતાં વધુ સારું કરી રહ્યા છીએ. અને AQI દરરોજ ઘટ્યો છે. આ પ્રદૂષણ સમસ્યા આમ આદમી પાર્ટી દ્વારા અમને આપવામાં આવી હતી, અને અમે તેને સુધારવા માટે કામ કરી રહ્યા છીએ.

પર્યાવરણ મંત્રી મનજિંદર સિંહ સિરસાએ જણાવ્યું હતું કે દિલ્હીમાં પ્રદૂષણની સ્થિતિ વાજબી સ્તરે છે. તેમણે કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષથી આ સ્તરે છે. ગયા વર્ષે તે ૩૮૦ હતું, હવે તે ૩૬૩ છે. દિલ્હીના ભાગેડુઓ હાલમાં ફિલ્મો જોઈ રહ્યા છે. પ્રદૂષણ એ એક રોગ છે જે તેમણે પેદા કર્યો છે, અને તેઓ જ વિરોધ કરી રહ્યા છે.

મંજિંદર સિંહે કહ્યું કે અમે સતત કામ કર્યું છે અને પ્રદૂષણને નિયંત્રિત કરી રહ્યા છીએ. ગયા વર્ષ કરતા પ્રદૂષણ ઓછું છે. મને કહો કે ડિસેમ્બરમાં કેટલા દિવસ સ્વચ્છ હતા. તેમણે કહ્યું કે આજે કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે દિલ્હી સરકાર કચરાના પહાડને ૧૫ મીટર ઘટાડવામાં સફળ રહી છે. વધુમાં, ૨૦૨ એકરમાંથી ૪૫ એકર જમીન ખાલી કરવામાં આવી છે.

મનજિંદર સિંહે કહ્યું કે અમે દિલ્હીમાં બિન-આરામદાયક ઔદ્યોગિક વિસ્તારોને અમારા અધિકારક્ષેત્ર હેઠળ લાવ્યા છીએ. DPCC એ ૯ કરોડથી વધુની ૨,૦૦૦ થી વધુ નોટિસ જારી કરી છે. બાયોગેસનો વપરાશ ઘટાડવા માટે અત્યાર સુધીમાં ૧૦,૦૦૦ હીટર પૂરા પાડવામાં આવ્યા છે. ડીઝલ જનરેટર સામે કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં અત્યાર સુધીમાં ૩,૨૦૦ જનરેટરને લક્ષ્ય બનાવવામાં આવ્યું છે. દિલ્હીમાં સરેરાશ AQI ઘટાડવામાં આવ્યો છે. અગાઉ, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ ગયા વર્ષ સુધી કંઈ કર્યું ન હતું.મનજિંદર સિંહે કહ્યું કે ગયા વર્ષની સરખામણીમાં નવેમ્બરમાં AQI ૨૦ પોઈન્ટ ઘટાડવામાં આવ્યો છે. ૫,૩૦૦ EV બસોમાંથી ૩,૪૨૭ લાવવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું કે PUC પ્રમાણપત્ર ન હોવા બદલ ૭૦૦,૦૦૦ થી વધુ દંડ ફટકારવામાં આવશે.

### ગુજરાતમાં PUC કઢાવવું થયું મોંઘું

# ગુજરાતમાં PUC ની ફીના દરોમાં ધરખમ વધારો કરવાની જાહેરાત

**લાંબા સમય બાદ PUC ફીમાં રૂ. ૨૦ થી લઈને રૂ. ૫૦ સુધીનો વધારો ઝીંકવામાં આવ્યો છે**

અમદાવાદ,તા.૧૬

ગુજરાતના વાહનચાલકો માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા વાહનોના પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર એટલે ક PUC ની ફીના દરોમાં ધરખમ વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે. લાંબા સમય બાદ PUC ફીમાં રૂ. ૨૦ થી લઈને રૂ. ૫૦ સુધીનો વધારો ઝીંકવામાં આવ્યો છે. નવા સુધારેલા દરો મુજબ, ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, ફોર-વ્હીલર અને ભારે વાહનો એમ તમામ કેટેગરીમાં ભાવ વધારો અમલી બન્યો છે. ખાસ કરીને મધ્યમ વર્ગના વાહનચાલકો અને ટ્રાન્સપોર્ટરો પર આ વધારાની સીધી અસર જોવા મળશે.

| વાહનનો પ્રકાર | જૂની ફી (રૂ.) | નવી ફી (રૂ.) | વધારો (રૂ.) |
|---|---|---|---|
| ટુ-વ્હીલર (બાઈક/સ્કૂટર) | ૩૦ | ૫૦ | ૨૦ |
| થ્રી-વ્હીલર (રિક્ષા) | ૫૦ | ૬૦ | ૧૦ |
| ફોર-વ્હીલર (કાર) | ૮૦ | ૧૩૦ | ૫૦ |
| ભારે વાહન (બસ/ટ્રક) | ૧૦૦ | ૧૫૦ | ૫૦ |

**પ્રદૂષણ તપાસવું હવે ખર્ચાળ**

રાજયમાં વધી રહેલી મોંઘવારી વચ્ચે PUC સેન્ટરના સંચાલકો દ્વારા લાંબા સમયથી ફી વધારાની માંગ કરવામાં આવી રહી હતી, જેને ધ્યાને રાખીને સરકારે આ નિર્ણય લીધો હોવાનું મનાય છે. જોકે, કાર ચાલકો માટે સીધો રૂ. ૫૦ નો વધારો ઘણો મોટો ગણાય રહ્યો છે. હવેથી વાહનચાલકોએ પોતાનું વાહન રોડ પર ચલાવવા માટે પ્રદૂષણ મુક્ત હોવાનું પ્રમાણપત્ર મેળવવા માટે વધારાના નાણાં ખર્ચવા પડશે. નિયમ મુજબ જો વાહનચાલક પાસે માન્ય PUC નહીં હોય, તો ટ્રાફિક પોલીસ દ્વારા તેને મોટો દંડ ફટકારવામાં આવે છે, જેના કારણે હવે મોંઘા ભાવે પણ PUC કઢાવવું ફરજિયાત બનશે.

### ૧૬ માસની મુદ્દત માટે ભરતી

# અમરેલી : એસપી કચેરીમાં કાયદા અધિકારીની કરાર આધારિત નિમણુંક કરાશે

## ૨૭ ડીસેમ્બર સુધીમાં અરજી કરવા જણાવાયુ

અમરેલી, તા. ૧૬

ગૃહ વિભાગ ગાંધીનગર દ્વારા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગાંધીનગર હસ્તકની પોલીસ અધિક્ષકની કચેરી, અમરેલી ખાતે ૧૧ માસની મુદત માટે ઉભી કરવામાં આવેલ કરાર આધારિત કાયદા અધિકારીની ૧ (એક) જગ્યા માટે નિમણૂક કરવાની છે. આ અંગે લાયક ઉમેદવારો તા. ૨૭/૧૨/૨૦૨૫ (સાંજ ૫ વાગ્યા સુધીમાં) સુધીમાં અરજી કરી શકે છે. ઉમેદવારે અરજી પોલીસ અધિક્ષકની કચેરી, ચિતલ રોડ, અમરેલી, પીન કોડ. ૩૬૫૬૦૧ ખાતે આર.પી.ડી, કુરીયર અથવા રૂબરૂ કરવાની રહેશે.

અરજીમાં ઉમેદવારનું નામ, જન્મ તારીખ, રહેણાંકનું સ્થળ (કાયમી, હંગામી) શૈક્ષણિક લાયકાત, અનુભવની વિગતો દર્શાવવી તથા આ અંગેના પ્રમાણિત આધાર પુરાવા અરજી સાથે સામેલ રાખવાના રહેશે. (કવર પર પોલીસ અધિક્ષક, અમરેલી ખાતે કરાર આધારિત કાયદા અધિકારીની જગ્યા માટે અરજી એવું દર્શાવવાનું રહેશે.)

વયમર્યાદા માટે ઉંમર ૫૦ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં. કાયદાની ડીગ્રી અથવા કેન્દ્ર, રાજય સરકારના કાયદા દ્વારા સ્થપાયેલ માન્ય યુનિવર્સિટી દ્વારા એચ.એસ.સી બાદ પાંચ વર્ષનો અભ્યાસક્રમ પાસ કરેલ હોવાની કાયદાની ડિગ્રી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એક્ટ–૧૯૫૬ની કલમ–૩ દ્વારા સ્થપાયેલ યુનિ. દ્વારા મેળવેલ કાયદાની ડીગ્રીની શૈક્ષણિક લાયકાત રહેશે. ઉપરાંત સીસીસી પ્લસ પાસ સાથે ઉમેદવાર ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાનો જાણકાર હોવો જોઈએ. હાઈકોર્ટ અથવા તેના તાબા હેઠળની કોર્ટમાં પ્રેક્ટિસ કરતા એડવોકેટ અથવા એટર્ની અથવા સરકારી વકીલ તરીકેનો ૫ વર્ષનો અનુભવ અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થા અથવા સરકાર કે તેની હસ્તકના બોર્ડ, નિગમ, અથવા કંપની કાયદા હેઠળ સ્થપાયેલ કંપનીમાં કાયદાકીય બાબતોનો પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈએ. ઉમેદવાર ગુજરાતી લખી, વાંચી, બોલી શકે તે અંગેનું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

આ કરાર આધારિત જગ્યા માટે માસિક રૂ. ૬૦ હજાર ફિક્સ વેતન મળવાપાત્ર છે. ઉમેદવારોએ અરજીપત્રકનો નમુનો પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીની કચેરી પત્રવ્યવહાર શાખામાંથી તા. ૧૭/૧૨/૨૦૨૫ થી તા. ૨૭/૧૨/૨૦૨૫ સુધીમાં કચેરી સમય દરમિયાન (રજાના દિવસો સિવાય) મેળવી લેવાનો રહેશે. સંબંધિત ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે ત્યારે અસલ ડોક્યુમેન્ટ સાથે લાવવાના રહેશે તેમ અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

### ચાવંડ પાણી–પુરવઠા હેડ વર્કસ ખાતે વિવિધ કામગીરી થવાથી

# અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં આજથી પીવાના પાણીનાં વિતરણ કાર્યમાં વિક્ષેપ થશે

## ૧૭ થી ૨૧ ડિસેમ્બર સુધીમાં કામગીરી પુર્ણ થયા બાદ પાણી પુરવઠો પૂર્વવત થશે

અમરેલી, તા. ૧૬

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તકની ચાવંડ પાણી પુરવઠા હેડ વર્કસ ખાતે તા. ૧૭ થી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી સંપનું ક્લીનીંગ અને મેન્ટેનન્સ કરવાનું હોય લાઠી, લીલીયા–ચાવંડ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ ચાવંડ હેડ વર્કસ ખાતેના તમામ લાભાર્થી ગામોને પાણી પુરવઠો જયારે કામગીરી પૂર્ણ થશે ત્યારબાદ રીસ્ટોર કરવામાં આવશે. જેની સર્વે લાભાર્થીઓને નોંધ લેવા માટે જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ લીલીયાના નાયબ કાર્યપાલક ઈજનેરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જીવામૃત–ઘન જીવામૃત બનાવવા અને વિતરણ માટે સહાય

અમરેલી, તા. ૧૬

ગુજરાત રાજયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તેમજ ખેડૂતોને વધુ પ્રોત્સાહન મળે તે હેતુસર રાજય સરકાર દ્વારા ''પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત–ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધા માટે સહાય'' નામની આ યોજનાને રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે. આ યોજના અંગેની વિગતો રાજય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા પોર્ટલ 'મારી યોજના પોર્ટલ' પર ઉપલબ્ધ છે.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત તથા પાક સંરક્ષણ દ્રવ્યોનું મહત્વપૂર્ણ સ્થાન છે. દેશી ગાય આધારિત આ ઈનપુટસ દરેક ખેડૂત સુધી સરળતાથી ઉપલબ્ધ બને તે માટે ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, એફપીઓ, સખી મંડળો તથા ખેડૂત ગ્રુપોને પ્રોત્સાહન આપવાનું આ યોજનાનો મુખ્ય હેતુ છે. યોજના અંતર્ગત સમગ્ર રાજયમાં કુલ રૂ. ૪૨૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવી છે.

પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધાના નિર્માણ માટે યોજના અન્વયેની જરૂરી વિગતો મુજબ, સખી મંડળો અથવા ખેડૂત ગ્રુપને ૫૦ ટકા સુધીની સહાય રૂા. ૬૦,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર થશે.

જેમાં જીવામૃત બનાવવા માટે એચડીપીઈ ટાંકી ૫,૦૦૦ લિટરની ક્ષમતાની બનાવવાની રહેશે. ઘન જીવામૃત બનાવવા માટે પાકું મજબૂત ૨૦૦ ચોરસ ફુટનું ભોંયતળિયું બનાવવાનું રહેશે. ઉપરાંત પ્લાસ્ટિકના ૨૦ લીટરના ૨૦ કેરબા, ૫ નંગ ડોલ ટોકર અને ૧ નંગ સ્ટરર વગેરે માળખાકીય સુવિધાઓને સાંકળી લેવાની રહેશે.

ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ કે એફપીઓએ પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત–ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધા માટે ૧૦,૦૦૦ લિટરની ક્ષમતા વાળી ટાંકી, ૪૦૦ ચોરસ ફૂટનું પાંકુ ભોંયતળિયું વગેરે માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવું. આ માટે ૫૦ ટકા અથવા રૂા. ૧.૨૦ લાખની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે.

યોજનાનો અમલ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા કરવામાં આવશે અને સહાય ડીબીટી પદ્ધતિથી સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ અંગેની વધુ વિગતો મારી યોજના પોર્ટલની લિંક પરથી https://mariyojana.gujarat.gov.in/MoreDetails.sapx મળી શકશે. જયારે યોજના અંગેનો જી.આર. પણ મારી યોજના પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે.

રાજય સરકારની આ પહેલથી પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયેલા ખેડૂતોને ગુણવત્તાયુકત જીવામૃત અને ઘન જીવામૃત સરળતાથી ઉપલબ્ધ થશે, ખેતી ખર્ચમાં ઘટાડો થશે અને પર્યાવરણને અનુકૂળ ટકાઉ ખેતી પદ્ધતિને વધુ વેગ મળશે.




અભિનંદન

ગુજરાત સરકાર ના રાજ્યમંત્રી અને અમરેલીના લોકપ્રિય ધારાસભ્ય

માનનીય શ્રી કૌશીકભાઈ વેકરીયા સાહેબ

HRPC મહાત્મા ગાંધી રાષ્ટ્રીય માનવ અધિકાર પુરસ્કાર 2025

થી સન્માનિત થવા બદલ ખુબ ખુબ અભિનંદન

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

શ્રી વસંતભાઈ ગજેરા – સ્થાપક પ્રમુખશ્રી

શ્રી મનુભાઈ ડુમ્મર – પ્રમુખશ્રી | શ્રી પ્રતાપભાઈ જોગાણી – ઉપ પ્રમુખશ્રી

શ્રી મનુભાઈ કાવરીયા – મંત્રીશ્રી | શ્રી નરેન્દ્રભાઈ હિરપરા – સહમંત્રીશ્રી

શ્રી નાગજીભાઈ સોજીત્રા – મેને. ટ્રસ્ટીશ્રી | શ્રી નાનુભાઈ વેકરીયા – ખજાનચીશ્રી


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૬ | ૧૫૩૧ |
| ૨ | મગફળી | ૧૦૪૦ | ૧૨૮૯ |
| ૩ | સોયાબીન | ૭૫૯ | ૮૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૮૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૭૧ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૫૦ |
| ૪ | તલ કાળા | ૪૦૦૦ | ૪૭૧૦ |
| ૫ | જીરૂ | ૩૬૦૦ | ૩૯૨૦ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૨ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૮૭ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૦૦ |
| ૧૦ | અડદ | ૮૩૨ | ૧૨૦૦ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૧૧૫૦ |
| ૧૨ | તુવેર | ૭૫૦ | ૧૨૬૨ |
| ૧૩ | સોયાબીન | ૭૦૬ | ૮૦૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૯ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૪૧૪ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૩ | તલ કાળા | ૪૧૦૦ | ૪૧૦૦ |
| ૪ | તલ પીળા | ૧૮૧૮ | ૨૧૫૦ |
| ૫ | કપાસ | ૮૦૧ | ૧૫૨૫ |
| ૬ | બાજરો | ૩૦૦ | ૪૪૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૫૧ | ૫૭૫ |
| ૮ | જુવાર | ૫૫૦ | ૯૯૦ |
| ૯ | મગ | ૭૦૦ | ૨૮૫૧ |
| ૧૦ | મઠ | ૧૪૧૪ | ૧૪૧૪ |
| ૧૧ | તુવેર | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૨ | ચણા | ૫૦૦ | ૧૨૭૫ |
| ૧૩ | ધાણા | ૧૧૨૦ | ૨૦૦૦ |
| ૧૪ | સોયાબીન | ૮૦૦ | ૮૧૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૧૧ | ૧૪૧૬ |
| ૨ | કપાસ કોડી | ૧૧૪૧ | ૧૧૪૧ |
| ૩ | મગફળી | ૯૩૦ | ૧૨૫૧ |
| ૪ | ઘઉં | ૫૦૧ | ૫૧૯ |
| ૫ | ચણા | ૧૦૧૧ | ૧૦૧૧ |
| ૬ | એરંડા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૭ | તલ સફેદ | ૧૯૧૦ | ૧૯૧૦ |
| ૮ | તલ કાળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ૯ | ધાણા | ૧૦૧૧ | ૧૫૨૧ |
| ૧૦ | જીરૂ | ૩૨૨૫ | ૩૨૨૫ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૫૫ | ૧૨૩૬ |
| ૧૨ | સોયાબીન | ૭૧૧ | ૮૦૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૬૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૫૦ | ૧૨૪૦ |
| ૩ | મગફળી | ૧૦૦૯ | ૧૩૬૧ |
| ૪ | તલ સફેદ | ૧૬૬૦ | ૨૦૮૦ |
| ૫ | તલ કાળા | ૩૧૧૦ | ૪૫૦૦ |
| ૬ | જીરૂ | ૩૨૨૦ | ૩૯૩૦ |
| ૭ | ઘઉં | ૪૭૬ | ૫૨૪ |
| ૮ | ચણા | ૯૨૦ | ૧૧૦૦ |
| ૯ | અડદ | ૯૧૦ | ૧૨૩૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૦ | ૮૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૯૦ | ૧૩૦૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૯૫૦ | ૧૩૦૪ |
| ૪ | શિંગ મોટી | ૮૩૦ | ૧૪૦૦ |
| ૫ | શિંગદાણા | ૧૦૬૦ | ૧૩૯૬ |
| ૬ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૩૪૨ |
| ૭ | તલ કાળા | ૨૫૦૦ | ૫૨૦૫ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૩૬૫ | ૨૪૬૫ |
| ૯ | જુવાર | ૮૩૧ | ૮૩૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૪૯ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૧ | ૫૭૩ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૬૦૦ |
| ૧૩ | અડદ | ૭૦૦ | ૧૨૧૦ |
| ૧૪ | ચણા | ૭૫૦ | ૧૧૩૫ |
| ૧૫ | સફેદ ચણા | ૯૬૬ | ૧૧૦૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૫૦૫ | ૧૫૦૫ |
| ૧૭ | તુવેર | ૧૦૧૫ | ૧૦૯૦ |
| ૧૮ | કપાસ | ૮૦૦ | ૧૫૮૦ |
| ૧૯ | એરંડા | ૧૦૦૦ | ૧૨૯૪ |
| ૨૦ | જીરૂ | ૩૬૦૦ | ૩૬૯૦ |
| ૨૧ | ધાણા | ૧૦૦૦ | ૧૭૭૦ |
| ૨૨ | મેથી | ૯૦૦ | ૯૮૦ |
| ૨૩ | સોયાબીન | ૭૦૦ | ૮૭૨ |
| ૨૪ | રજકાનું બી | ૫૨૦૦ | ૯૧૦૦ |
| ૨૫ | મરચા લાંબા | ૭૫૦ | ૩૬૯૦ |
| ૨૬ | કાંગ | ૫૧૧ | ૫૩૬ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૧૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૨૭ |
| ૪ | મેથી | ૫૦૦ | ૫૦૦ |
| ૫ | ચણા | ૯૦૦ | ૧૦૧૨ |
| ૬ | ધાણા | ૧૫૦૦ | ૧૭૯૫ |
| ૭ | તુવેર | ૮૦૦ | ૧૦૪૫ |
| ૮ | અડદ | ૭૦૦ | ૧૧૦૦ |
| ૯ | જુવાર | ૪૪૦ | ૪૪૦ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૮૭૫ |
| ૧૧ | મગફળી | ૫૦૦ | ૧૧૧૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૨૯૦ |
| ૧૩ | શીંગદાણા | ૯૯૦ | ૧૯૦૦ |
| ૧૪ | તલ કાળા | ૧૫૧૦ | ૩૩૨૦ |
| ૧૫ | લસણ | ૭૪૦ | ૧૫૦૦ |
| ૧૬ | કાંગ | ૩૬૦ | ૩૬૦ |

### જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૮૨/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) શ્રી નારણભાઈ કાનજીભાઈ આંબલીયા, રહે. મોટી કુંકાવાવ, તા. વડિયા, જિ. અમરેલી મો. ૬૩૫૪૩ ૩૬૧૮૦

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી મોટી કુંકાવાવ, તા. વડીયા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી નારણભાઈ કાનજીભાઈ આંબલીયાએ તેમના **પુત્ર ચીમનભાઈનો જન્મ તા. ૨૦/૦૨/૧૯૭૨ના રોજ મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૨/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ વડીયા**

### જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **મનિષાબેન સુરેશભાઈ પરમાર** રહે. મિઠાપુર ડુંગરી, તા. ધારીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

ધારી ગામતળ નવી વસાહત હરિકૃષ્ણનગર
રે. સર્વે.નં. ૧૧૭૫, ૫૧૦/૧ તથા ૫૧૩/૧ બીનખેતી પ્લોટ નં. ૨૭ પૈકી (પશ્ચિમ તરફ)
જેના ચો.મી. ૯૬–૨૫
રજી. બાનાખત નં. ૧૮૪૧ તારીખ : ૨૦/૧૧/૨૦૨૫

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ મનુભાઈ મણીલાલ પરમાર પાસેથી ખરીદ કરવા ઉપરોકત રજી. બાનાખત કરાવેલ છે. મનુભાઈ મણીલાલ પરમારે ઉપરોકત મિલ્કત શાંતુબેન બાલુભાઈ બારૈયા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૫૧૩ તા. ૦૨/૦૬/૨૦૧૨થી ખરીદ કરેલ છે. શાંતુબેન બાલુભાઈ બારૈયાએ ઉપરોકત મિલ્કત હંસાબેન રતિલાલ વ્યાસ પાસેથી રજી. દસ્તાવેજ નં. ૬૩૧ તા. ૦૪/૦૫/૨૦૧૦થી ખરીદ કરેલ છે. હંસાબેન રતિલાલ વ્યાસે ઉપરોકત મિલ્કત (૧) કડવાભાઈ ભુટાભાઈ અંટાળા (૨) ધીરૂભાઈ કડવાભાઈ અંટાળા (૩) કાંતિભાઈ કડવાભાઈ અંટાળા (૪) બાબુભાઈ કડવાભાઈ અંટાળા (૫) નાનજીભાઈ કડવાભાઈ અંટાળા (૬) નટુભાઈ કડવાભાઈ અંટાળા (૭) પરેશભાઈ કડવાભાઈ અંટાળા રહે. બધા હરિપરા, ધારીનાં કુલમુખત્યાર લક્ષ્મણભાઈ જશમતભાઈ સાવલીયા રહે. રાંઢિયા તા. અમરેલી વાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૧૦૧ તા. ૨૮/૦૧/૧૯૯૧ રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું સદરહુ રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતુ.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૬/૧૨/૨૦૨૫
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

### :: જાહેર હરરાજી અંગેની નિવિદા ::

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના **શેઢાવદર** ગામે ગ્રામપંચાયત કચેરી–**શેઢાવદર** દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્કયામતની જે સ્થિતીમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે, જેથી જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

| ક્રમ | અસ્કયામત અને ઈમલાની વિગત | જાહેર હરરાજીની તારીખ | જાહેર હરરાજીનો સમય | નક્કી થયેલ અપસેટ કિંમત | જાહેર હરરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ગ્રામ પંચાયત ઘર | ૦૨/૦૧/૨૦૨૬ | ૧૦:૦૦ કલાકે | ૭૦૦૦૦/– | ગ્રામ પંચાયત કચેરી શેઢાવદર |
| ૨ | સ્મશાન છાપરી | ૦૨/૦૧/૨૦૨૬ | ૧૦:૦૦ કલાકે | ૨૦૦૦૦/– | ગ્રામ પંચાયત કચેરી શેઢાવદર |
| ૩ | બસ સ્ટેન્ડ | ૦૨/૦૧/૨૦૨૬ | ૧૦:૦૦ કલાકે | ૨૦૦૦૦/– | ગ્રામ પંચાયત કચેરી શેઢાવદર |

જાહેર હરરાજીની શરતો, બોલીઓ, નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોકત અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

**તલાટી કમ મંત્રી** — **શેઢાવદર ગ્રામ પંચાયત**

**સરપંચ** — **શેઢાવદર ગ્રામ પંચાયત**

### જાહેર નોટિસ

મોજે :– દેવગામ, તા. વડિયા–કુંકાવાવ, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી. દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| દેવગામ, તા. વડિયા/કુંકાવાવ જિ. અમરેલી | ૫૪ | 30P2 | ૬–૫૯–૬૪ | ૫૫.૮૭ | કાંતાબેન શંભુભાઈ પદમાણી<br>ભરતભાઈ શંભુભાઈ પદમાણી<br>ભાવેશભાઈ શંભુભાઈ પદમાણી |

ઉપરોકત કોલમ વાળી ખેતીની અમારા સંયુકત નામે આવેલ છે, આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકીની, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ,/ ખેતી / ગણોત, લીઝ લાયસન્સ/કબ્જો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૬/૧૨/૨૦૨૫, મંગળવાર** **અમો અરજદારની સુચના અનુસાર**
**સ્થળ : કુંકાવાવ મોટી**

**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**

### જાહેર નોટિસ

મોજે :– હામાપુર, તા. બગસરા, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી. દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| હામાપુર, તા. બગસરા જિ. અમરેલી | ૪૦૧ | 115P2 | ૨–૪૭–૩૬ | ૯.૩૧ | ૧. ઉષાબેન વેલજીભાઈ ભાડ તે ગુ.ના પત્ની<br>૨. રૂપાબેન વેલજીભાઈ ભાડ<br>૩. જેસલભાઈ વેલજીભાઈ ભાડ<br>૪. જેનસભાઈ વેલજીભાઈ ભાડ<br>૫. સોનલબેન વેલજીભાઈ ભાડ |

ઉપરોકત કોલમ વાળી ખેતીની અમારા સંયુકત નામે આવેલ છે, આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકીની, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રી રૂપારેલીયા અરવિંદભાઈ ગીરધરભાઈ રહે. ગોંડલ એ વેચાણ રાખવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ,/ ખેતી / ગણોત, લીઝ લાયસન્સ/કબ્જો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૬/૧૨/૨૦૨૫, મંગળવાર** **અમો અરજદારની સુચના અનુસાર**
**સ્થળ : કુંકાવાવ મોટી**

**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**

### જાહેર નોટિસ

મોજે :– બાંભણીયા, તા. વડિયા–કુંકાવાવ, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી. દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| બાંભણીયા, તા. વડિયા/કુંકાવાવ જિ. અમરેલી | ૪૬૬ | 12P3 | ૨–૧૦–૪૪ | ૧૫.૭ | બોઘાણી જગદીશકુમાર દયાળભાઈ<br>બોઘાણી લલીતકુમાર દયાળભાઈ |

ઉપરોકત કોલમ વાળી ખેતીની અમારા સંયુકત નામે આવેલી છે, આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકીની, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ,/ ખેતી / ગણોત, લીઝ લાયસન્સ/કબ્જો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૬/૧૨/૨૦૨૫, મંગળવાર** **અમો અરજદારની સુચના અનુસાર**
**સ્થળ : કુંકાવાવ મોટી**

**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**

### પર્યાવરણને વ્યાપક પ્રમાણમાં અસર

# દામનગરથી રાભડા-ભટવદર માર્ગ ઉપર ગંદકીનાં ગંજ ખડકાયા

## પાલિકાનાં શાસકોને કોઈ ચિંતા જ નથી



દામનગર, તા. ૧૬

દામનગરથી રાભડા-ભટવદર તરફ જતા અમરેલી જિલ્લા પંચાયતના માર્ગ કાંઠે કચરાના નિકાલ માટે બનાવેલ ડમ્પીગ સાઈટ ખૂબ કચરાના ઉપદ્રવનું કારણ બની રહ્યું છે. એકબાજુ ગામડાને પર્યાવરણની દ્રષ્ટિ એ શ્રેષ્ટ હવા પાણી માટે આદર્શ ગણવામાં આવે છે પણ દામનગર શહેરથી બહાર કરોડોના ખર્ચે બનાવેલ ડમ્પીગ સાઈટ ગામડા જેવા નાના ગામ માટે મોટી સમસ્યા બની રહી છે ૨૪ કલાક અવિરત કાળા ડિબાંગ ધુવાડાના ગોટે ગોટા ગામડે રહેતા વૃધ્ધ વડીલો માટે સમસ્યાનું કારણ બની રહ્યું છે. ત્યારે પર્યાવરણ જાળવણી માટે પ્રદુષણ નિયમન માટે કાયદો ભલે ગમે તે કહે પણ પાલિકા તંત્ર દ્વારા ચાલતા પ્રદુષણ સામે કોની વિસાત છે. કોઈ તપાસ કરે ?

### ઉત્તર ગુજરાતમાં યાત્રા સંપન્ન થયા બાદ

# મધ્ય ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ દ્વારા શનિવારથી જન આક્રોશ યાત્રાનો પ્રારંભ

## ફાગવેલથી દાહોદ સુધીની યાત્રા યોજાશે

અમદાવાદ, તા. ૧૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, જન આક્રોશ યાત્રાના ઉત્તર ગુજરાતમાં યોજાયેલા પ્રથમ ચરણને જનતાનો અભૂતપૂર્વ પ્રતિસાદ અને વ્યાપક જનસમર્થન મળ્યું છે. આ યાત્રા દરમિયાન જનતાએ ત્રણ દાયકાના ભાજપ શાસનમાં વ્યાપક બનેલા ભ્રષ્ટાચાર, ગેરવહીવટ, ભેદભાવ અને અન્યાય સામે ખુલીને પોતાનો આક્રોશ વ્યકત કર્યો છે. જનતાના પ્રશ્નો, પીડા અને અવાજને વાંચા આપવા માટે પ્રદેશ કોંગ્રેસ સમિતિએ જન આક્રોશ યાત્રાની શરૂઆત કરી હતી.

વધુમાં જણાવ્યું કે ૨૧ નવેમ્બરથી ૩ ડિસેમ્બર દરમિયાન ઉત્તર ગુજરાતના સાત જિલ્લાઓમાં યોજાયેલા પ્રથમ ચરણ દરમિયાન લગભગ ૧૩૦૦ કિ.મી.નું ભ્રમણ થયું. આ યાત્રા દરમિયાન ખેડૂતો, મહિલાઓ, બેરોજગાર યુવાનો, નાના વેપારીઓ, ખેત મજૂરો, કામદારો અને સમાજના તમામ વર્ગો સાથે સીધો સંવાદ થયો. સરકારના વિકાસના દાવાઓની પાછળની વાસ્તવિકતા જનતા સામે આવી - ખખડધજ રસ્તાઓ, પીવાના પાણીની અછત, સિંચાઈની સુવિધાનો અભાવ, રોજગારના અવસરનો અભાવ, જળ-જંગલ-જમીનના અધિકારો, જાતિના દાખલાના પ્રશ્નો અને દારૂ-ડ્રગ્સની બેફામ બદી સામે જનતા સરકાર સામે સ્વયંભુ અવાજ ઉઠાવતી થઈ ગઈ છે.

યાત્રા દરમિયાન કોંગ્રેસે ખેડૂતોના દેવા સંપૂર્ણ માફ કરવા, ખોટી જમીન માપણી રદ કરવા, ખાતર-બિયારણની તંગી દૂર કરવા, દારૂ અને ડ્રગ્સના ધંધાને સંપૂર્ણપણે નાબૂદ કરવા, યુવાનોને નિયમિત ભરતી દ્વારા



રોજગાર આપવા જેવા મુદ્દાઓ બુલંદ અવાજે રજૂ કર્યા. સરકારમાં લાખોની સંખ્યામાં ખાલી પડેલા પદો હોવા છતાં ભરતી ન થવી અને ફિક્સ પગાર, કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગ દ્વારા યુવાનોના શોષણ સામે જનતાનો ભારે આક્રોશ જોવા મળ્યો.

વધુમાં જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતની સફળતા બાદ હવે જન આક્રોશ યાત્રાના બીજા ચરણની શરૂઆત ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ થી મધ્ય ગુજરાતમાં કરવામાં આવશે. આ યાત્રા પૂ. ભાથીજી મહારાજના ફાગવેલ ધામથી શરૂ થઈ ૬ જાન્યુઆરીએ દાહોદ ખાતે કંબોઈ ધામમાં પૂર્ણ થશે. મધ્ય ગુજરાતના ખેડા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, મહીસાગર અને દાહોદ એમ સાત જિલ્લાઓમાં, ત્રણ મહા નગર પાલિકામાં, અંદાજે ૫૫ તાલુકા અને ૩૭ નગરપાલિકા વિસ્તારોમાં યાત્રા ભ્રમણ કરશે. આશરે ૧૪૦૦ કિ.મી.નું ભ્રમણ કરીને મધ્ય ગુજરાતના લોકોના પ્રશ્નો અને ભ્રષ્ટાચારને ઉજાગર કરવામાં આવશે.

મધ્ય ગુજરાતમાં આદિવાસી સમાજના પ્રશ્નો, મનરેગામાં થયેલા કરોડોના ભ્રષ્ટાચાર, નલ સે જલ યોજનાની અનિયમિતતાઓ, અમૂલ પેટર્ન સાથે જોડાયેલા દૂધ ઉત્પાદકોના પ્રશ્નો, પીવાના પાણી અને સિંચાઈની સમસ્યાઓ, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં વ્યાપક ભ્રષ્ટાચાર, વડોદરા શહેરમાં દર વર્ષે આવતી પૂર સમસ્યા અને કરમસદ સહિત અનેક વિસ્તારોમાં સ્થાનિક પ્રશ્નોને યાત્રા દરમિયાન પ્રાથમિકતા આપવામાં આવશે. આક્રોશ યાત્રા કોઈ ચૂંટણી યાત્રા નથી, પરંતુ પ્રજાના હક-અધિકાર માટેની લડાઈ છે. સરકાર ટેક્સ તો લે છે, પરંતુ પ્રજાનો અવાજ સાંભળતી નથી. આથી જનતાના આક્રોશને બુલંદ અવાજ આપવા માટે તમામ વર્ગોના લોકોને આ યાત્રામાં જોડાવાનું આહ્વાન કરવામાં આવ્યું. જન આક્રોશ યાત્રા એ જનતાનો અવાજ છે અને આવનારા સમયમાં આ અવાજને વધુ મજબૂતીથી સમગ્ર ગુજરાતમાં પહોંચાડવામાં આવશે.

વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતની યાત્રા બાદ છોટા ઉદેપુરના કવાટ ખાતે યોજાયેલી જન આક્રોશ રેલીમાં પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા, જે દર્શાવે છે કે હવે જનતા ડર અને ભયના માહોલમાંથી બહાર આવી રહી છે. રાજયમાં રસ્તાઓની હાલત, તૂટતા બ્રિજોની ઘટનાઓ - મોરબી, પાલનપુર, આણંદ સહિતની દુર્ઘટનાઓ - સ્પષ્ટ કરે છે કે માર્ગ અને મકાન વિભાગમાં વ્યાપક ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. વધુમાં જણાવ્યુ કે ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા એવી છે કે હવે સત્તાધારી પક્ષના ધારાસભ્યો પણ સરકાર અને અધિકારીઓ સામે ફરિયાદો કરી રહ્યા છે. જો શાસક પક્ષના ધારાસભ્યોનું અવાજ ન સાંભળવામાં આવતું હોય તો સામાન્ય જનતાની હાલત શું હશે, એ કલ્પી શકાય છે. આ જ કારણોસર ઉત્તર ગુજરાતમાં જન આક્રોશ યાત્રાને ઉત્તમ પ્રતિસાદ મળ્યો અને મપ્રય ગુજરાતમાં તેનાથી પણ વધુ જનસમર્થન મળશે એવો વિસ તેમણે વ્યકત કર્યો. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આયોજીત આ પત્રકાર વાર્તામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, મીડીયા કોકન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ, પ્રવકતા ડો. હિરેન બેંકર, ડો. અમિત નાયક ઉપસ્થિત રહ્યાં હતાં.

### સતત ૬ઠ્ઠી વખત પ્રમુખપદે વરણી

# લીલીયા મોટા વકીલ મંડળનાં પ્રમુખ તરીકે કિશોરભાઈ પાઠકની બિનહરીફ વરણી

## વકીલો, શુભેચ્છકો દ્વારા શુભકામના પાઠવાઈ

લીલીયા, તા. ૧૬

આજરોજ લીલીયા વકીલ મંડળની એક તાકીદની બેઠક બાર રૂમમાં બોલાવવામાં આવેલ. જેમાં વર્ષ ૨૦૨૬નાં બારના પ્રમુખની ચૂંટણી કરવા માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. ત્યારબાદ બારન તમામ સભ્યોની હાજરીમાં ચૂંટણી નહી કરી સર્વાનુમતે પ્રમુખ તરીકે કિશોરકુમાર એમ. પાઠક, ઉપપ્રમુખ તરીકે જિતેન્દ્ર ડી પાઠક તથા સક્રેટરી તરીકે એસ.પી.



ભડકોલીયાની બિનહરીફ સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. મનોજભાઈ દવે, નરેશભાઈ હેલૈયા, ભરતભાઈ હેલૈયા, ચિમનભાઈ વોરા તથા હાર્દિકભાઈ જોષી તથા રેખાબેન ગાયજન વિગેરે હાજર રહેલા અને વરણી બાદ કોર્ટનાં રજીસ્ટ્રાર અનિલભાઈ દવે તથા સ્ટાફે તમામ હોદેદારોને અભિનંદન પાઠવેલા અને ચૂંટણી નહી કરી બિનહરીફ વરણી કરી ચૂંટણી કમિશ્નર એડવોકેટ નરેશ હેલૈયાએ બિનહરીફ હોદેદારો જાહેર કરેલ છે.

### પેરામિલટરી ફોર્સમાં સિલેક્શન થતા ગામમાં ખુશીની લહેર

# બાબરા તાલુકાના કુંવરગઢ ગામની દીકરી માનસી માંગરોળિયાની ઝળહળતી સિધ્ધિ

## ગામ સમસ્ત દ્વારા દીકરીનું સામૈયુ કરી સન્માન કરાયુ



બાબરા, તા. ૧૬

બાબરા તાલુકાના નાનાએવા કુંવરગઢ ગામની દીકરી માનસી બીપીનભાઈ માંગરોળીયાએ ગામનું પરિવારનું ગૌરવ વધે તે પ્રકારની સિધ્ધિ પ્રાપ્ત કરતા સમસ્ત ગામ અને માગરોળિયા પરિવારમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી અને ગામ સમસ્ત દ્વાર ભવ્ય સન્માનિત દિકરી માનસીનું કરવામાં આવ્યું હતું.

બાબરા તાલુકાના કુંવરગઢ ગામમાં ખેતી કામ કરતા બીપીનભાઈ માંગરોળિયા પરિવારની દીકરી માનસી ભશતર પેરા મિલિટરીમાં સિલેક્શન થતા અને દિલ્હી એરપોર્ટ પર પોસ્ટીગ મળ્યા બાદ ગામમાં દીકરીનો ભવ્ય આદર સત્કાર અને સન્માન કરવામાં આવ્યું હતું ગામના અગ્રણીઓ દ્વારા દીકરીની આગવી મેનહતને બિરદાવી પ્રાપ્ત કરેલ સિદ્ધિને શુભેચ્છા પાઠવી હતી.

### દબાણકર્તાઓની લાજ કાઢવાનું બંધ કરો

# દામનગરમાં જાહેર માર્ગ કે જગ્યા ઉપર થયેલ દબાણ દુર કરવા માંગ

## અનેક સ્થળોએ પાકા દબાણની પણ ફરિયાદ

દામનગર, તા. ૧૬

દામનગર સ્થાનિક પાલિકા તંત્ર જાહેર રસ્તાઓ સાંકડા બનાવી સરદાર ચોક મુખ્ય બજારોમાં આડેધડ થતા કાયમી દબાણદારોની લાજ કેમ કાઢે છે સરદાર ચોક લારી ગલ્લા પાથરણા સાથે મોટા ઓટલા બહાર કાઢી માલિકી સમાંતર કાયમી દબાણો કરી ભાડે આપતા અડધી બજારો માં સામનો ગોઠવી જાહેર રસ્તાઓ કાયમી સાંકડા બનાવી દેનાર ઈસમોના દબાણો દૂર કરે વારંવાર શાકભાજી વિક્રેતા પથરણાને નોટિસો આપી આંખ આડા કાન કરતા પાલિકા તંત્ર સ્થાવર દબાણદારોની લાજ કાઢવાનું બંધ કરી પાર્કિંગ વગર ઉભા કરાયેલ મોલ દુકાનોથી બહાર છાપરા કરી ઓફિસો બનાવી દુકાન સમાંતર દબાણોકરી લેનાર સામે પણ કાર્યવાહી કરો શાકભાજી વિક્રેતાને નોટિસો



આપી ખોટા હાકલા પડકારો સાથે સ્થાવર બાંધકારો રહેણાંક હેતુમાં કોમર્શિયલ ઉપયોગ પાર્કિંગ વગરના શોપિંગ મોલ કોના હીતમાં ચાલવા દેવાય છે ? દબાણ કોઈ પણ હોય ગેરકાયદેસર દરેક દબાણદારો સામે સમાન ધોરણે કાર્યવાહી કરો અમિર હોય કે ગરીબ સામાજિક નડતર સામે પક્ષપાતી વલણ નહિ નિષ્પક્ષ કાર્યવાહી કરો.

# સાવરકુંડલા ખાતે ભરવાડ સમાજ દ્વારા પ્રથમ સમૂહલગ્નોત્સવ અને શૈક્ષણિક સન્માન સમારોહ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા બાલગોપાલ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મુરલીધર ગોપાલક કુમાર છાત્રાલયના ઉમદા હેતુને સિધ્ધ કરવા માટે, મુરલીધર ગોપાલક યુવા ગૃપના સહયોગથી, વી.જે. પારેખ આંખની હોસ્પિટલ ગ્રાઉન્ડ, હાથસણી રોડ, સાવરકુંડલા ખાતે એક ભવ્ય, ધાર્મિક અને સુંદર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે, ટ્રસ્ટ દ્વારા ભરવાડ સમાજના પ્રથમ સમૂહ લગ્નોત્સવનું આયોજન થયું, જેમાં કુલ ૨૦ નવ યુગલોએ પરંપરાગત રીતિ-રિવાજો અને ધાર્મિક વિધિઓ સાથે પ્રભુતામાં પગલાં માંડીને નવી દાંપત્યજીવનની યાત્રાનો શુભારંભ કર્યો હતો. સમૂહ લગ્નોત્સવની સાથે જ, ટ્રસ્ટ દ્વારા શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં ૧૧મો શૈક્ષણિક સન્માન સમારોહ પણ યોજાયો હતો. આ રીતે ધર્મ, શિક્ષણ અને સમાજ એક છત્ર નીચે આવીને એક સુંદર ત્રિવેણી સંગમ બન્યો હતો. આ ટ્રસ્ટના શિક્ષણ ઉત્કર્ષના ધ્યેયને અનુરૂપ, આ સમારોહમાં મહાનુભાવોનું ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર ભરવાડ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તેમજ સાથે સાથે સમાજમાં તાજેતરમાં નવનિયુક્ત થયેલા સરકારી કર્મચારીઓનું ઉચિત સન્માન કરી સમાજની પ્રગતિને બિરદાવવામાં આવી. તેમજ આ કાર્યક્રમમાં અને છાત્રાલયને નિરંતર સહયોગ આપનાર ઉદાર દાતાઓનું માનવાચક સન્માન કરવામાં આવ્યું હતું. વિશેષ સન્માન સમૂહ લગ્નનાં પ્રણેતા અને ભોજન સમારંભના દાતા મસાભાઈ અરજણભાઈ ઝાપડા (મસાપીર બાપુ, મોમાઈ માતાજીનું મંદિર નાના ઝીંઝુડા)નું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય આયોજનને આશીર્વાદ આપવા મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. શ્રી ઘનશ્યામપુરી બાપુ (ગ્વાલીનાથ મહાદેવ, ઝાઝાવડા દેવ મંદિર-થરા) સહિત અનેક પૂજય સંતો-મહંતો અને અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંતોએ નવયુગલોને અને સમગ્ર સમાજને આશીર્વચન અને સમાજને શિક્ષિત બનવાની જરૂર છે તેમજ પ્રેરક ઉદ્બોધન આપીને આશીર્વાદ વરસાવ્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ ધાર્મિક ઉલ્લાસથી છવાઈ ગયું હતું.

કાર્યક્રમની મુખ્ય સિધ્ધિ ભરવાડ સમાજના ૨૦ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડયા તે રહી હતી. અંતે, બાલગોપાલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, મુરલીધર ગોપાલક કુમાર છાત્રાલય તેમજ મુરલીધર ગોપાલક યુવા ગ્રુપ દ્વારા આ પવિત્ર પ્રસંગે ઉપસ્થિત પૂજય સંતો, આમંત્રિત મહેમાનો, અને સ્નેહીજનોનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### અચાનક આગથી અફડાતફડી

# સા.કુંડલાના નવામાર્કેટયાર્ડમાં ફરસાણની કેબિનમાં આગ લાગી

## ફાયર વિભાગે આગ પર કાબુ મેળવ્યો



સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલા શહેરમાં આવેલ માર્કેટ યાર્ડમાં આવેલ નવા માર્કેટ યાર્ડમાં ભરતભાઈ ખુમાણ, મોલડીવાળાના ફરસાણના કેબિનમાં આકસ્મિક આગ લાગતા, ઘટના સ્થળે ફાયર વિભાગ દોડી આગને કાબૂમાં લેવા પ્રયાસ વિશેષ વિગતો મેળવાઈ રહી છે. આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી. હાલ આગ કાબુમાં આવી ગઈ છે. વિશેષ વિગતો મેળવાઈ રહી છે.

### તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં

# બાબરા તાલુકાના દલિત સમાજનાં આગેવાનો દ્વારા એકી સાથે ૩-૩ મંત્રીઓનુ સન્માન કરાયું

## મંત્રી ડો. વાજા, શ્રીમતી દર્શનાબેન અને શ્રીમતી મનીષાબેનનું થયુ સન્માન

અમરેલી, તા. ૧૬

ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જાતિ મોરચા, ગુજરાત પ્રદેશ દ્વારા રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ઝોનનો તાજેતરમાં આયોજિત 'અભિવાદન સમારોહ યોજાયો હતો' એક અનેરા સન્માનનો દલિત સમાજ સાક્ષી બન્યો હતો. આ સમારોહમાં ગુજરાત સરકારના ત્રણ મહવના કેબિનેટ અને રાજયકક્ષાના મંત્રીઓનું બાબરા તાલુકાના દલિત સમાજના યુવા અગ્રણીઓ દ્વારા સાલ ઓઢાડીને ભવ્ય બહુમાન કરવામાં આવ્યું હતું. દલિત સમાજના સંગઠનાત્મક જોડાણને પ્રોત્સાહન આપતા આ કાર્યક્રમમાં ડો. પ્રદ્યુમનભાઈ વાજા : શિક્ષણ મંત્રી, દર્શનાબેન વાઘેલા : રાજયકક્ષાના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી, મનિષાબેન વકીલ : રાજયકક્ષાના બાળવિકાસ અને મહિલા તથા કલ્યાણ મંત્રી ઉપસ્થિત રહ્યા હતા.



આ સન્માન સમારોહનું આયોજન બાબરા તાલુકાના દલિત સમાજના યુવા આગેવાન કિરીટભાઈ બગડા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાબરા તાલુકાના દલિત સમાજના અન્ય યુવાનો પણ જોડાયા હતા અને સન્માનની વિધિમાં ભાગ લીધો હતો. સન્માન કરનારી ટીમમાં પ્રકાશભાઈ પરમાર (સરપંચ, કુવરગઢ), જયરાજભાઈ પરમાર (વલારડી દલિત યુવા આગેવાન), અનિલભાઈ બગડા (પીટીશન રાઈટર), નિલેશભાઈ બગડા (પીટીશન રાઈટર), પંકજભાઈ રેવર, આર્યનભાઈ ચૌહાણ, અભયભાઈ બગડા જોડાયા હતા.સન્માન બાબરા તાલુકાના દલિત યુવાનોની રાજકીય અને સામાજિક જાગૃતિ દર્શાવે છે. યુવા અગ્રણી કિરીટભાઈ બગડાએ આ પ્રસંગે જણાવ્યું હતું

### ધારાસભ્ય કાળુભઈ રાઠોડે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# ઉના તાલુકામાં મેડિકલ કોલેજની ફાળવણી કરવા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત

## વિદ્યાર્થીઓને દુર-દુર સુધી અભ્યાસ માટે જવું પડે છે

ઉના, તા.૧૬

ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ઉના તાલુકો છેવાડાનો તાલુકો હોય અને ગીર સોમનાથ જીલ્લામાં એ ઉના તાલુકામાં શૈક્ષણિક મેડીકલ કોલેજ ન હોય અને



આજુ-બાજુમાં ૨૦૦ કિ.મી. સુધી દુર હોય અને ઉના તાલુકામાં વિદ્યાર્થીઓને દુર દુર સુધી અભ્યાસ માટે જવું પડતુ હોય અને આ કોલેજ મળવાથી ઉના તેમજ આસપાસના વિસ્તારના મેડીકલ ક્ષેત્રે ખુબ પ્રગતી થઈ શકે તેમ હોય તો ઉના તાલુકામાં મેડીકલ કોલેજ ફાળવવા અંતમાં માંગ કરેલ છે.

# અમરેલી ખાતે ડો.તોગડીયાનાં જન્મદિવસની ઉજવણી કરાઈ

અમરેલી, તા.૧૬

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવીણભાઈ તોગડિયાના જન્મ દિવસ તા.૧૨/૧૨/૨૦૨૫ને શુક્રવારને જલારામ મંદિર અમરેલી ખાતે મહા આરતી અને હનુમાનચાલીસા કરી જન્મ દિવસની શુભકામના આપી અને તમામ હિન્દુ ધર્મ પ્રેમી ઉપસ્થિત હિન્દુઓ દ્વારા અને હરીધામ પરીવાર દ્વારા ચાલતું પ્રસાદ



કેન્દ્ર અંદાજે ૧૫૦ થી ૨૦૦ લોકો રોજના પ્રસાદ લે છે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા જલારામ મંદિર લીલીયા રોડ પર આવેલ પ્રસાદ અને આરતીનો ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવેલ આ દરમિયાન ડો.ગજેરા, નીર્મળભાઈ ખુમાણ, દડુભાઈ ખાચર, જીલુભાઈ વાળા, ડી.ભાઈ બામટા, મજબૂત સિંહ બસીયા, ડો.દેશાણી, ડો.ગોંડલીયા, સુરેશભાઈ સોલંકી, ચતુરભાઈ અકબરી, હરેશભાઈ સાદરાણી, યોગેશ ગણાત્રા, ગીરીશભાઈ ભટ્ટ, અંકુરભાઈ સેદાણી, ડિ - ભાઈ બામટા, રશ્મિનભાઈ ત્રિવેદી, બાબુલભાઈ ત્રિવેદી, રમણીકભાઈ ગઢીયા, મુકુંદભાઈ ગઢીયા, લાલભાઈ ગઢીયા, બાલાજીભાઈ સેલાણી, લાલભાઈ બોદર, મોહનભાઈ કાલેણા, નીખીલભાઈ મહેતા, મીલીનભાઈ સોની, મેહુલભાઈ પરીખ, મનીષભાઈ કેશાણી સહિત અનેક આગેવાનો, પત્રકારો, વેપારી ઉપસ્થિત રહ્યા હતા.

# શાખાનાં પુષ્પો

એકવાર ભારતના સુપ્રસિદ્ધ ઈજનેર ડો. વિશ્વેશ્વરૈયા એક ગામમાંથી પસાર થઈ રહ્યા હતા. એ ગામના શિક્ષકોએ તેમને બાળકો સમક્ષ ભાષણ આપવા વિનંતી કરી. થોડા ખચકાટ પછી તેમણે સંમતિ આપી અને ટૂંકું ભાષણ આપ્યું. ત્યાંથી રસ્તે આગળ જતા તેમને તૈયારી વિના ભાષણ આપવાની ભૂલથી દુઃખ થયું. પછીના અઠવાડિયે તેમણે શાળાના શિક્ષકોને પત્ર લખ્યો કે તેઓ ફરીથી ત્યાં બાળકોને ભાષણ આપવા માંગે છે. તેમનો પત્ર વાંચી શિક્ષકો આશ્ચર્યચકિત થયા, આવા વ્યસ્ત અને પ્રખ્યાત વ્યક્તિ ફરીથી બોલાવ્યા વગર કેમ આવે છે ? શાળાએ આવીને વિશ્વેશ્વરૈયાજીએ બાળકોની સામે એક નવું લેખિત મુદ્દાઓ વાળું ભાષણ કર્યુ અને અંતમાં તેમણે કહ્યું, 'આપ સૌ બાળકો છો તેથી શું થયું ? મારે આપની સમક્ષ

રજુઆત **શ્રી અર્જુન ગઢિયા** અમરેલી

તૈયારી વગર સાધારણ ભાષણ નહોતું કરવું જોઈતું. મને મારા ગઈ વખતના ભાષણથી સંતોષ નહોતો. કોઈપણ ઉત્તમ કાર્ય કરવા માટે તૈયારીની જરૂર પડે છે. તેથી મારી ભૂલ સુધારવા માટે મારે આપની સમક્ષ ફરીથી આવવું પડયું. **સોડમ :** કોઈપણ કાર્ય તૈયારી વગર ન કરવું અને જે કાર્ય કરીએ તેમાં ચોકસાઈ હોવી જોઈએ.

17 YEARS ANNIVERSARY

# અમરેલી એક્સપ્રેસ

**૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે**
**હાર્દિક શુભકામના**

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...






શુભચિંતક

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારની આધુનિક ટેક્નોલોજીસભર સંસ્કાર, શિસ્ત સાથે વિદ્યા અર્પણ કરતી શાળા

**શ્રેષ્ઠ શાળા શ્રી પી.પી.એસ. હાઈસ્કુલ - વંડા**

ચૌહાણ સંજયકુમાર ધીરજલાલ (આચાર્ય)
દૂધરેજીયા મનોરમાબેન પુરૂષોત્તમભાઈ
ચૌહાણ પ્રહલાદભાઈ કેશવલાલ
ઝીંઝુવાડીયા પ્રવીણભાઈ જાદવભાઈ
ગજેરા જગજીવનભાઈ કરમશીભાઈ
ઓઝા રોહિતકુમાર કનુભાઈ
ઝડફિયા દીપકકુમાર મકનજીભાઈ
ભટ્ટ નીતાબેન મનવંતરાય
વિસાણી સંજયકુમાર મગનભાઈ
ગોંડલીયા ભરતકુમાર નારણદાસ
તળાવીયા જિતેન્દ્રકુમાર પ્રાગજીભાઈ
ચૌહાણ મયુરકુમાર પોપટલાલ



17 YEARS ANNIVERSARY

# અમરેલી એક્સપ્રેસ

**૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે**
**હાર્દિક શુભકામના**

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...

શુભચિંતક



**શ્રી પ્રતાપ દુધાત**
પૂર્વ ધારાસભ્ય
સાવરકુંડલા-લીલીયા વિધાનસભા
પ્રમુખશ્રી
અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ
અમરેલી



## આમ આદમીનું અખબાર

# અમરેલી amreli express એક્સપ્રેસ




સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના

**વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૬**

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

એજન્ટ/પત્રકારની
**નિમણુંક કરવાની છે**

અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એક્સપ્રેસ"નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેક્શન કરી શકે તેવા વ્યક્તિઓની રાજુલા, વીજપડી, સા.કુંડલા, દામનગર, વડિયા, ધારી, ખાંભા, નાગેશ્રી, ટીંબી, ડુંગર, ડેડાણ, લાઠી સહિતના ગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યક્તિ "અમરેલી એક્સપ્રેસ" સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે/સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

**લવાજમની મુદ્દત**
તા.૦૧-૦૧-૨૦૨૬
થી
તા.૩૧-૧૨-૨૦૨૬

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)